MANOGAT • Year-40 • Issue-9 • 10 August 2021 • Shravan Sud 2, Samvat 2077 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28





# मनोगत




## શ્રી રત્નાકરજી
## ગુજરાત પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી


## પ્રદેશના પદાધિકારીઓ તેમજ કાર્યકર્તાઓ દ્વારા ગુજરાતની પાવન ધરા પર શ્રી રત્નાકરજીનું ઉષ્માભર્યું સ્વાગત

## ગુજરાતની પ્રજા તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓનો અઢળક પ્રેમ શ્રી રત્નાકરજીને મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ





નવનિયુક્ત પ્રદેશ ભાજપાના સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીએ પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ તેમજ શ્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં પરિચય બેઠક યોજી હતી. તેમજ પ્રદેશ પદાધિકારીઓ દ્વારા ગુજરાતની પાવન ધરા પર તેઓશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રદેશના પદાધિકારીઓ, સેલના સંયોજકો, મોરચાના પ્રમુખ/મહામંત્રી, ગાંધીનગર અને કર્ણાવતી મહાનગરના પ્રમુખ, મહામંત્રી સાથે પરિચય બેઠક યોજી હતી. ગુજરાતની પ્રજા તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓનો અઢળક પ્રેમ શ્રી રત્નાકરજીને મળશે તેવો વિશ્વાસ પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે વ્યક્ત કર્યો હતો.

૧૯૭૩માં ઉત્તર પ્રદેશના દેવરિયામાં જન્મેલા શ્રી રત્નાકરજી ૧૯૯૧માં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં જોડાયા. ૧૯૯૫થી ૨૦૧૩ દરમિયાન રા. સ્વ. સંઘના પૂર્ણકાલીન પ્રચારક રહ્યા. બિહાર ભાજપાના સહ સંગઠન મંત્રી તરીકેની જવાબદારી નિભાવનાર શ્રી રત્નાકરજી સતત અઢાર વર્ષ રા. સ્વ. સંઘનાં પ્રચારક રહ્યા છે અને એમની કર્મઠતાના કારણે ઉત્તર પ્રદેશમાં રા. સ્વ. સંઘ વધારે વ્યાપક બન્યો. ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી પહેલા એમણે ગોરખપુર લોકસભા બેઠકની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ એમણે વારાણસી વિધાનસભા અને લોકસભાની જવાબદારી પણ નિભાવી હતી.



Year : 40, Issue : 9, Pages : 28



## તંત્રીસ્થાનેથી

# આઝાદીનો અમૃત-મહોત્સવ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

૧૫ ઓગસ્ટથી આઝાદીનું અમૃત-મહોત્સવ વર્ષ શરૂ થઈ રહ્યું છે.

આઝાદી માટેનો સંઘર્ષ તો ૧૮૫૭થી શરૂ થયો હતો. અનેક ક્રાંતિવીરોની શહીદી અને જનઆંદોલનના પરિણામ સ્વરૂપ ૧૯૪૭માં આપણને આઝાદી મળી. આઝાદી માટે કેટકેટલીય પેઢીઓ લડી છે. કેટલાયે સામી છાતીએ અંગ્રેજોની ગોળી ઝીલી છે તો કેટલાયે હસતા મોઢે ફાંસીના ફંદાને વરમાળાની માળાની જેમ પહેરી લીધો છે. અનેક હિન્દુસ્તાનીઓના પ્રયત્નોથી આ મહામૂલી આઝાદી આપણને સૌને મળી છે. આઝાદીની કિંમત દરેક પેઢીએ સમજવી અત્યંત જરૂરી છે.

આઝાદીના ૭૫મા વર્ષની શરૂઆત આ ૧૫ ઓગસ્ટથી થઈ છે ત્યારે નવી પેઢીએ વીરોનાં બલિદાનોને યાદ કરી સમયોચિત પોતાનું કંઈ ને કંઈ યોગદાન દેશને આપવું ખૂબ જ મહત્ત્વનું છે.

ક્રાંતિવીરો દેશ માટે શહીદ થયા તો નવી પેઢીએ દેશ માટે જીવતાં શીખવાનો સમય આવી ગયો છે. આજે દેશની ઉપલબ્ધિઓ, વિકાસ અને સંપદાઓની જાળવણી અને સાચવણી ખૂબ જરૂરી છે. દેશની નાનામાં નાની બાબત માટે પણ પ્રોએક્ટિવ અને પ્રોટેક્ટિવ એપ્રોચ સૌએ ઊભો કરવો અત્યંત આવશ્યક છે.

ભલે દેશની સરહદે ઊભા રહીને આપણે દેશની રક્ષા ના કરી શકીએ પણ દેશમાં અંદર રહીને દેશની સંપદાઓનું સંરક્ષણ તો ચોક્કસ આપણે કરી જ શકીએ. કુદરતી સંપદાઓ અને સર્જન કરાયેલા વિકાસનો સાચો અને યોગ્ય ઉપયોગ થાય તે માટે આપણે સૌ સ્વવિવેકી બનીએ અને આ અમૂલ્ય વારસાનું સાચું જતન કરવા માટે કટિબદ્ધ બનીએ તે સંકલ્પ પણ આઝાદીના અમૃત-મહોત્સવની સાચી ઉજવણી છે.

રાષ્ટ્રભાવના પ્રબળ બનશે એટલે ચરિત્ર-નિર્માણ સ્વાભાવિક રીતે જ બળવત્તર બનશે. પ્રત્યેક વિચાર, વ્યવહાર અને વ્યક્તિના કેન્દ્રમાં 'રાષ્ટ્ર' આવશે એટલે દેશને પરમવૈભવના સ્થાને બિરાજમાન કરવાનો ધ્યેય તો સાકાર થશે જ, સાથે સાથે વ્યક્તિનિર્માણ દ્વારા સમાજ પોતે પણ સાચા અર્થમાં સ્વદેશ, સ્વધર્મ અને સાંસ્કૃતિક સ્વભાવ દ્વારા સુજલામ્ સુફલામ્ મલયજ શિતલામ્ બની વંદે માતરમ્‌ના જયઘોષ દ્વારા જનગણમન સુધી પહોંચી ભારતને ભાગ્યવિધાતા બનાવશે.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.,** 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



**રાજ્ય સરકારના નવ દિવસીય સેવાયજ્ઞમાં વર્ચ્યુઅલી સહભાગી થતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી**






# પડકારો ગમે તેવા હોય પરંતુ સમગ્ર દેશ ગરીબોની સાથે છે એવો અહેસાસ ગરીબ કલ્યાણ અન્ન યોજનાના કારણે લોકોને થયો છે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી


વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ **ગુજરાતના ૭૧ લાખ પરિવારોના સાડા ત્રણ કરોડ લોકોને** દિવાળી સુધી સાવ વિનામૂલ્યે રાશન આપવાના સેવાયજ્ઞનો ઊગતા સૂર્યના પ્રદેશ દાહોદ ખાતેથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા ચાલી રહેલા નવ દિવસીય સેવાયજ્ઞના ત્રીજા દિવસે અન્ન વિતરણ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી સહભાગી બન્યા હતા. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું છે કે, દેશમાં ગરીબોના સશક્તીકરણને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાઈ રહી છે.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, ગુજરાતમાં આજે લાખો પરિવારોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વિનામૂલ્યે રાશન આપવામાં આવી રહ્યું છે. આ રાશન કોરોનાની મહામારીના સમયમાં ગરીબોની ચિંતામાં રાહત આપીને તેમનામાં આત્મવિશ્વાસનું સિંચન કરે છે. તેમણે ઉમેર્યું કે, આ યોજના છેલ્લા એક વર્ષથી સમગ્ર દેશમાં ચાલી રહી છે. **દેશનો કોઈ ગરીબ ભૂખ્યો સૂવે નહીં, તે વાત આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે.** પડકારો ગમે તેવા હોય પરંતુ સમગ્ર દેશ ગરીબોની સાથે છે એવો અહેસાસ આ યોજનાના કારણે લોકોને થયો છે.

કોરોના જેવી મહામારી ૧૦૦ વર્ષમાં પ્રથમ વખત આવી છે. વિશ્વના અનેક દેશોને ચિંતા હતી કે કોરોનાના કારણે લાગુ કરવામાં આવેલા લોકડાઉનને પરિણામે અનેક લોકોને ભૂખ્યા રહેવાનો વારો આવશે. હાલમાં **દુનિયાના કેટલાક દેશોમાં કોરોના સંક્રમણને કારણે ભૂખમરાનું ભીષણ સંકટ આવ્યું છે,** પરંતુ, ભારતે આ સંકટને પહેલેથી ઓળખી તેને ખાળવા માટે આગોતરું આયોજન કરીને આ યોજના અમલમાં મૂકી છે. દેશમાં ૮૦ કરોડથી વધુ ગરીબોને મફત અનાજ આપવા પાછળ કેન્દ્ર સરકારે રૂ. ૨ લાખ કરોડનો માતબર ખર્ચ કર્યો છે, જેનાથી વિશ્વના અનેક દેશો પ્રભાવિત થયા છે.

ગુજરાતની જાહેર વિતરણ વ્યવસ્થાની પ્રશંસા કરતાં પ્રધાનમંત્રી શ્રી મોદીએ કહ્યું **'વન નેશન, વન રાશન યોજના'** લાગુ કરવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય હતું. તેના કારણે લોકડાઉનમાં ફસાયેલા અનેક પ્રવાસી શ્રમિકોને તેમના વતન સિવાયના બીજા સ્થળેથી રાશન મળી રહ્યું અને તેઓ કોરોનાકાળમાં પણ રાશનથી વંચિત ના રહ્યા.

તેમણે કહ્યું કે, **થોડાં વર્ષો પહેલાં દેશમાં અનાજનાં ગોદામો વધતાં ગયાં પરંતુ ભૂખમરો અને કુપોષણની ટકાવારીમાં કોઈ જ ઘટાડો થયો નહીં. તેનું મુખ્ય કારણ અસરકારક વિતરણ વ્યવસ્થાનો સંપૂર્ણ અભાવ હતો.** આ સ્થિતિના બદલાવ માટે વર્ષ ૨૦૧૪થી નવી કાર્યશૈલીનો પુરવઠા વિતરણ વ્યવસ્થામાં અમલ કરવામાં આવ્યો જેમાં રાશન કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક કરીને અનેક ભૂતિયાં રાશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યાથી ગરીબોના હક્કના સરકારી અનાજ વિતરણની વ્યવસ્થામાંથી કટકી કંપનીને પણ દૂર કરવામાં આવી છે. ડિજિટલ વ્યવસ્થાને કારણે જાહેર વિતરણ વ્યવસ્થા વધુ સુદૃઢ બની અને રાશનનો સીધો લાભ



કોઈ વચેટિયા કે વિલંબ વગર ગરીબોને સીધો મળી રહ્યો છે.

પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું કે, એક જમાનો હતો કે દેશમાં વિકાસની વાતો માત્ર મોટાં શહેરો સુધી જ સીમિત હતી, જેને સામાન્ય માનવી સાથે કોઈ લેવાદેવા નહોતી. પરંતુ, આ વિચારધારાને બદલીને સામાન્ય માનવીના જીવનમાં પણ ગુણાત્મક પરિવર્તન આવે અને તેમનું જીવનધોરણ ઊંચું આવે તેવા માપદંડો સાથે કેન્દ્ર સરકારે ગરીબોના સશક્તીકરણને પ્રાથમિકતા આપી છે.

તેમણે એમ પણ કહ્યું કે **દેશમાં ૨ કરોડ ગરીબ પરિવારોને આવાસ, ૧૦ કરોડ પરિવારોને શૌચાલય તેમજ જનધન ખાતાથી અંત્યોદય પરિવારોને બેંકિંગ વ્યવસ્થાથી જોડી**ને તેમને નવી તાકાત અને તકો પૂરી પાડી છે અને તેના કારણે ગરીબોના જીવનધોરણમાં આમૂલ પરિવર્તન આવ્યું છે.

પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું કે **ગરીબોને આરોગ્ય માટે આયુષ્યમાન ભારત, શિક્ષણ, ગેસ અને વીજળી મફત આપીને તેમને મુખ્ય ધારામાં જોડવામાં આવ્યા** છે અને વિકાસનાં ફળ છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં આવ્યાં છે. મુદ્રા યોજના, આત્મનિર્ભર ભારત યોજના થકી ગરીબોને સન્માનપૂર્ણ જીવનનો માર્ગ ખોલી આપ્યો છે.

તેમણે કહ્યું કે, ગુજરાતમાં એક સમયે પાણી માટે મહિલાઓને ઘણે દૂર સુધી જવું પડતું હતું. પરંતુ, **સરદાર સરોવર યોજના, સૌની યોજના, નહેરોના નેટવર્કને પરિણામે આજે મા નર્મદાનું પાણી ગુજરાતના ગામેગામ અને ઘરેઘરે પહોંચ્યું** છે. મા નર્મદાનું નામમાત્ર લેવાથી પુણ્ય મળે છે એ પાણી આજે નળ મારફત ઘર સુધી આવ્યું છે. જલ જીવન મિશન હેઠળ છેલ્લાં બે વર્ષમાં સાડા ચાર કરોડ પરિવારોને આવરી લેવામાં આવ્યા છે. આઝાદી બાદ માત્ર ૩ કરોડ પરિવારોના ઘરે પાણીના નળ હતા. ગુજરાતમાં નલ સે જલ યોજના પૂરી થવાના આરે છે એ વાતની ખુશી છે.

**ડબલ એન્જિનની સરકાર**ને કારણે ગુજરાતમાં અનેક વિકાસનાં કામો થયાં છે, જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે વૈશ્વિક આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. કચ્છમાં બનનારા રિન્યુએબલ એનર્જી પાર્ક, રેલવે, હવાઈ જોડાણ સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અનેક પ્રોજેક્ટ ગુજરાતમાં કાર્યરત છે. અમદાવાદ અને સુરતમાં મેટ્રો, હેલ્થકેર, મેડિકલ શિક્ષણ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી થઈ છે.

ગુજરાત સહિત સમગ્ર દેશમાં આજ અનેક વિકાસનાં કામો થઈ રહ્યાં છે અને તેના પરિણામે દેશના દરેક ક્ષેત્રના લોકોનો આત્મવિશ્વાસ વધ્યો છે. આ આત્મવિશ્વાસ જ દરેક પડકારોનો સામનો કરવાની શક્તિ આપે છે અને સપનાંઓ પૂરાં કરવાની તાકાત પૂરી પાડે છે.

તેમણે ટોક્યો ઓલિમ્પિકની વાત કરતાં કહ્યું કે, **આઝાદી બાદ આ વખતે કોરોના મહામારી વચ્ચે પણ સૌથી વધુ ખેલાડીઓ ઓલિમ્પિકમાં ભાગ લઈ રહ્યા છે.** જેમાંથી કેટલીક રમતો એવી છે કે, જેમાં ભારતના ખેલાડીઓ પ્રથમ વખત ક્વોલિફાઈ થઈને ભાગ લઈ રહ્યા છે. એટલું જ નહીં, વિશ્વના અન્ય ખેલાડીને ટક્કર આપી રહ્યા છે. ભારતના રમતવીરોનો જોશ, ઝૂનૂન આજે સર્વોચ્ચ સ્તર ઉપર છે. આ આત્મવિશ્વાસ ત્યારે આવે છે, જ્યારે વ્યવસ્થામાં બદલાવ સાથે પ્રતિભાની સાચી ઓળખ કરી તેને માવજત અને પ્રોત્સાહિત કરવામાં આવે છે. ભારતના રમતવીરોનો આ આત્મવિશ્વાસ નવા ભારતની ઓળખ બની છે. તેમણે રાષ્ટ્રનિર્માણની સંકલ્પના દોહરાવતાં કહ્યું કે, **ભારત દેશના ૭૫મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તેના આઝાદીના અમૃત-મહોત્સવમાં દેશનિર્માણ માટે સૌને સંકલ્પબદ્ધ થવા હાકલ છે.**

**મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં યોજાઈ રહેલા અનાજ વિતરણનો રાજ્યવ્યાપી કાર્યક્રમ અંત્યોદયને ચરિતાર્થ કરવાનો સફળ પ્રયાસ** છે. છેવાડાના માનવી અને ગરીબ વ્યક્તિના જીવનમાં સંવેદનશીલ સ્પર્શ છે. હરોળમાં ઊભેલી છેલ્લી વ્યક્તિને પણ પોતાના જીવનમાં સરકારનો અનુભવ થાય એવો પ્રયાસ છે. કેન્દ્ર સરકાર પાસે છેવાડાના માનવીના જીવનને બહેતર બનાવવા માટેનું વિઝન, દૃઢ ઈચ્છાશક્તિ, ગરીબ-વંચિત માટેની સંવેદના હોવાથી તે શક્ય છે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાતમાં નરેન્દ્રભાઈએ જે વિકાસનો માર્ગ ચીંધ્યો હતો એ જ માર્ગ પર આ સરકાર ગરીબ, વંચિત, અંત્યોદયના ઉત્થાન માટે કાર્યરત છે. **ગુજરાતની ૧૭ હજાર સરકારમાન્ય સસ્તા અનાજની દુકાનો પરથી ૭૧ લાખ અંત્યોદય ગરીબ પરિવારોના-સાડા ત્રણ કરોડ લોકોને વિનામૂલ્યે અનાજ આપીને ''સૌને અન્ન-સૌને પોષણના'' સંકલ્પને આ સરકારે સાકાર કર્યો** છે.

તેમણે કહ્યું કે, ભૂતકાળનાં શાસનોમાં ગરીબોની ખૂબ ઉપેક્ષા થઈ



હતી. **વોટ બેન્ક માટે ગરીબી હટાવવાનાં માત્ર સૂત્રો અપાયાં.** પણ, ગરીબી હટાવવા માટે સમર્પિત થઈને રાત-દિવસ કામમાં લાગવું એ અલગ બાબત છે અને એ કામ રાજ્ય અને કેન્દ્ર સરકાર કરી રહી છે. આપણાં શાસ્ત્રોમાં અન્નબ્રહ્મ કહ્યું છે એટલે કે અન્નમાં બ્રહ્મનો વાસ છે. દેવનો વાસ છે અને એ અન્ન દરિદ્રનારાયણને વિનામૂલ્યે આપીને શ્રી નરેન્દ્રભાઈએ કરોડો ગરીબોના પોષણની ચિંતા કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની સરકારે **૨ લાખ ૮૪ હજાર કરોડ રૂપિયાની અનાજની સબસિડી આપી છે અને આના દ્વારા દેશના ૮૦ કરોડ લોકોને છ મહિના અનાજ મળવાનું છે.** કોરોનાકાળમાં જે રીતે ગરીબોને નિઃશુલ્ક અનાજ પહોંચાડ્યું છે અને આવી કપરી પરિસ્થિતિમાં પણ કોઈને ભૂખ્યા સૂવા નથી દીધા. આ પ્રધાનમંત્રીની જનસામાન્ય માટેની ચિંતા અને સમર્પણ દેખાડે છે. અગાઉ કોઈ પણ પક્ષની સરકારોએ ગરીબો માટે આવા વ્યાપક પ્રમાણમાં કોઈ કાર્યક્રમો કર્યા નથી તેમ તેમણે ઉમેર્યું હતું. પ્રધાનમંત્રીશ્રીએ દાહોદ ઉપરાંત રાજકોટ, મહેસાણા, તાપી, ગાંધીનગર અને રાજકોટ જિલ્લાના લાભાર્થીઓ સાથે ઈ-સંવાદ પણ સાધ્યો હતો.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, આજ સુધી 'વન નેશન વન રેશન'નો વિચાર કોઈને ન આવ્યો, પરંતુ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ, શ્રમિકો રોજીરોટી માટે જે ગામમાં જાય ત્યાં તેને તેના રાશન કાર્ડ ઉપર અનાજ મળી રહે તેની ચિંતા કરી છે. વન નેશન-વન રેશન યોજના અમલી કરી છે. આ એક ક્રાંતિકારી પગલું છે. આનાથી હવે દેશના કોઈ પણ રાજ્યનો શ્રમિક-મજૂર જે તે રાજ્યમાં પોતાના રેશન કાર્ડ ઉપર અનાજ મેળવી શકે છે. પ્રધાનમંત્રીશ્રીએ સ્વયં ગરીબી જોઈ છે, અનુભવી છે. એટલે જ એમને ગરીબો પ્રત્યે અપાર સંવેદના છે તે આ કાર્યક્રમમાં સારી રીતે દેખાય છે.



**કોરોનાના કપરા કાળમાં સમગ્ર દેશ-દુનિયામાં ગુજરાતે આયોજનબદ્ધ રીતે કામગીરી કરી હતી, જેથી પ્રવાસી શ્રમિકોએ ગુજરાતમાં જ રહેવાનું પસંદ કર્યું છે.**
**- શ્રી સી. આર. પાટીલ**


**અનાજ વિતરણની વ્યવસ્થા ઉભી કરવામાં ગુજરાત એક મોડેલ સ્ટેટ છે.** એમ કહેતાં તેમણે ઉમેર્યું કે, કોરોનાના **કપરાકાળમાં અંત્યોદય, ગરીબ, શ્રમિક પરિવારોને લોકડાઉન દરમ્યાન આર્થિક આધાર અને અન્ન સલામતી આપવા મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અંતર્ગત ૬૫ લાખ ૧૪ હજાર લાભાર્થીઓ પ્રતિ વ્યક્તિ દીઠ રૂ. ૧૦૦૦ની સહાય ડીબીટીથી આપી** છે. એટલું જ નહિ, કોરોનાની પહેલી લહેરમાં એપ્રિલથી નવેમ્બર-આઠ મહિના દરમ્યાન ૬૩ લાખ ૫૭ હજાર લાભાર્થી કાર્ડધારકોને ૯ લાખ મે. ટન ઘઉં, ૪ લાખ મે.ટન ચોખા અને ૫૦ હજાર મે.ટન ચણાનું વિતરણ કર્યું છે. સાથોસાથ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અન્વયે ગુજરાતના૩.૫૦ કરોડ લોકોને વિનામૂલ્યે રાશન આપ્યું છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું કે, **કોરોના મહામારી દરમિયાન દેશના લોકોને મફત અનાજ આપવાની સાથે કોરોના સંક્રમણથી સુરક્ષિત કરવા દેશના સો કરોડથી વધુ રસીપાત્ર નાગરિકોને મફત રસી આપવાનો પ્રધાનમંત્રીશ્રીએ ઉદાત્ત નિર્ણય કર્યો છે.** તેના માટે નરેન્દ્રભાઈનો આભાર માનવો ઘટે. ગુજરાતમાં પ્રતિ-દિન ચાર લાખ લોકોને કોરોના સામેની રસી આપવામાં આવી રહી છે. ગુજરાતમાં પાત્રતા ધરાવતી અડધી વસ્તીને રસી આપવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, રાજ્ય અને કેન્દ્ર સરકાર આદિવાસીઓના સર્વાંગી ઉત્થાન માટે સતત કાર્ય કરી રહી છે. આદિવાસી સમાજને મુખ્ય ધારા સાથે જોડવા માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઈ રાદડિયાએ કહ્યું કે, **કોરોના મહામારીની પ્રથમ લહેરમાં રાજ્યના ૬૮.૮૦ લાખ પરિવારોને મફત અનાજ વિતરણ કરીને આવનારી આપત્તિથી બચાવ્યા હતા.** રાજ્ય સરકારે એક કદમ આગળ ચાલીને **૬૧ લાખ નોન એનએફએસએ કાર્ડધારકોને પણ મફત અનાજ આપીને શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે ક્ષુધાતૃપ્તિનો યજ્ઞ કર્યો હતો.**

વન નેશન, વન રાશન યોજના હેઠળ અન્ય રાજ્યોના કાર્ડધારકોને ગુજરાતમાં અનાજ વિતરણ કરવામાં આવી રહ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

●





# ૫ વર્ષ આપણી સરકારનાં સૌના સાથથી સૌના વિકાસનાં

### આધુનિક ગુજરાત, વિશ્વસ્તરીય વિકાસ

- રિન્યુએબલ એનર્જીનું હબ ગુજરાત : વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક માંડવી ખાતે ગુજરાતમાં
- દેશમાં ઈન્સ્ટોલ થયેલા કુલ સોલાર રૂફટોપમાં ૭૦% ઈન્સ્ટોલેશન સાથે નંબર ૧ ગુજરાત, ૨.૬૬ લાખ લોકોએ લગાવી સોલાર રૂફટોપ સિસ્ટમ, જે ૧૦૦૦ MW વીજળીનું ઉત્પાદન કરે છે.
- ગુજરાતમાં અત્યારે ૧૩,૦૦૦ MW રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન થઈ રહ્યું છે. ૨૦૨૫ સુધીમાં તેને ૪૧,૦૦૦ MW કરવામાં આવશે.
- સતત છેલ્લાં ૪ વર્ષથી સૌથી વધુ વિદેશી રોકાણ ગુજરાતમાં
- રાજ્યમાં ૩૦ લાખ MSME કાર્યરત, જેમાં મળી રહ્યો છે ૧.૫૦ કરોડ લોકોને રોજગાર
- MSME માં પહેલા પ્રોડક્શન પછી પરમિશનની નીતિ
- કોરોનાની મહામારી હોવા છતાં એપ્રિલ ૨૦૨૦થી માર્ચ ૨૦૨૧ દરમિયાન ભારતમાં આવેલા કુલ FDI માંથી ૩૭% એટલે ૧.૬૨ લાખ કરોડ ગુજરાતમાં આવ્યું.
- ગિફ્ટ સિટી : ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓનું કેન્દ્ર (IFSC) ગિફ્ટ સિટી ખાતે કાર્યરત
- ભારતના મોડલ સ્માર્ટ સિટી તરીકેની ઓળખ પ્રાપ્ત કરનાર પહેલુ સ્માર્ટ સિટી
- ભારતનું પહેલું આંતરરાષ્ટ્રીય સ્ટોક એક્સચેન્જ ગિફ્ટ સિટી ખાતે કાર્યરત

### વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુજરાતમાં

- દુનિયાની સૌથી મોટી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા ખાતે
- દુનિયાનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ ગુજરાતમાં
- વિશ્વનું સૌથી મોટું કોમર્શિયલ કોમ્પ્લેક્ષ ડાયમંડ બુર્સ સુરતમાં
- ૧૨૧ એકરથી વધુ વિસ્તારમાં કાર્યરત સિવિલ હોસ્પિટલથી લઈને સુપર હોસ્પિટલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોનું સંકુલ : મેડીસિટી હોસ્પિટલ
- દુનિયાનું મેન્યુફેક્ચરિંગ હબ બનવાની દુનિયામાં ગુજરાતનો પ્રયાસ
- અમદાવાદ અને સુરત ખાતે મેટ્રોનું નિર્માણ
- રાજ્યમાં ૭૦ માળ સુધીની ગગનચુંબી ઈમારતોના નિર્માણને મંજૂરી
- છેલ્લાં ૫ વર્ષમાં ૫૦૦ થી વધુ ઓવરબ્રિજનું નિર્માણ.
- છેલ્લાં ૫ વર્ષમાં ૪૨૫ TP સ્કીમોને મંજૂરી આપી.
- દેશમાં સ્વચ્છતામાં ટોપ ૧૦ શહેરોમાં ગુજરાતનાં ૪ શહેરો.
- ઈઝ ઑફ લિવિંગમાં ગુજરાતના ૩ શહેરો ટોપ-૧૦ માં.
- સ્માર્ટ સિટીમાં સુરત નંબર ૧.
- હાઈસ્પીડ ઓપ્ટિકલ ફાઈબર દ્વારા ગુજરાતના ૧૦,૦૦૦ ગામોને બ્રોડબેન્ડ કનેક્ટીવિટીથી જોડવામાં આવ્યાં.
- શ્રી અમિતભાઈ શાહ સાંસદ, ગાંધીનગર લોકસભા તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી, ભારત સરકારનાં વરદ્ હસ્તે તેમજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિન ગડકરી કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીની ઉપસ્થિતિમાં મા.મ. વિભાગના રૂ. ૧,૬૫૦ કરોડનાં કુલ કામો સહિત વિવિધ વિભાગોના કુલ રૂ. ૫,૩૦૦ કરોડનાં વિકાસકાર્યોના તેમજ વતનપ્રેમ યોજનાના પોર્ટલનો શુભારંભ.



## ગુજરાતમાં વરસી બહુવિધ વિકાસ કાર્યોની હેલી

# ગુજરાત સરકારે સાડા છ કરોડ ગુજરાતીઓને શાંતિ, સલામતી અને સુરક્ષા આપી ચૌમુખી વિકાસનો રાહ ચીંધ્યો છે - ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ




કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે વિકાસ માટેનાં જે બીજ તેમણે રોપ્યાં હતાં તેને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાતે વડાપ્રધાનશ્રીનાં પદચિહ્નો પર ચાલીને ગુજરાતની જનતાને સુરક્ષા, સલામતી અને શ્રેષ્ઠ સુવિધા પૂરી પાડી છે, એટલું જ નહિ, રાજયના સર્વસમાવેશક વિકાસ માટે તથા રોજગારના સર્જન માટે વિદેશી મૂડીરોકાણ લાવીને ગુજરાતને ચાલકબળ પૂરું પાડ્યું છે અને ચૌમુખી પ્રગતિ સાધી સર્વાંગી વિકાસ કર્યો છે, જે દેશને નવો રાહ ચીંધશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલા 'વિકાસ દિવસ' સંલગ્ન કાર્યક્રમમાં વર્ચ્યુઅલી ઉપસ્થિત રહીને રાજયનાં વિકાસકામોનું ઈ-લોકાર્પણ અને ઈ-ભૂમિપૂજન-ખાતમુહૂર્ત કરતાં શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં પોતાના મુખ્યમંત્રીકાળ સમયે શરૂ કરેલી વિકાસયાત્રા અને જનકલ્યાણની પરંપરાને આગળ વધારવા બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલને અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે જણાવ્યું કે **શ્રી નરેન્દ્રભાઈ પછી શ્રી આનંદીબહેન પટેલ અને ત્યાર બાદ શ્રી વિજયભાઈ અને શ્રી નીતિનભાઈની ટીમના પ્રયત્નો થકી જ ગુજરાત દરેક ક્ષેત્રમાં અગ્રેસર છે.**

શ્રી શાહે જણાવ્યું કે થનારાં કુલ **રૂ.૫૩૦૦ કરોડનાં વિકાસકામોમાં રૂ.૩૩૨૨ કરોડનાં કામોનું લોકાર્પણ** થઈ રહ્યું છે, જેમાં અનેક બ્રિજ, રસ્તાનાં કામો, આવાસો, વીજળી અને પાણીની યોજનાઓનાં કામ સામેલ છે, જેનો મતલબ એ થાય કે આ તમામ કામોનું નિર્માણ સંપૂર્ણપણે કોરોનાકાળમાં થયું છે. જયારે સમગ્ર વિશ્વમાં વિકાસનાં પૈડાં થંભી ગયાં હતાં, ત્યારે પણ દેશમાં-ગુજરાતમાં વિકાસ કામગીરી ચાલુ રહી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને નેતૃત્વમાં એક તરફ દેશે કોરોના સામે વિજય મેળવ્યો, તો બીજી તરફ વિકાસને પણ અટકવા નથી દીધો. આ જ કડીમાં કુલ રૂ.૧૯૬૧ કરોડનાં ભૂમિપૂજન અને ખાતમુહૂર્તનાં કામો પણ થઈ રહ્યાં છે.

ગાંધીનગર-અમદાવાદને જોડતા બે ઓવરબ્રિજ અને પાણીની પાઈપલાઈન સહિતના લોકાર્પણનો ઉલ્લેખ કરતાં શ્રી શાહે આ તમામ કામોમાંથી રૂ. ૬૩૦ કરોડનાં લોકાર્પણ અને રૂ. ૨૪૧ કરોડનાં ભૂમિપૂજન-લોકાર્પણનાં કામો મળી કુલ રૂ. ૯૦૦ કરોડથી વધુનાં કામો તેમના ગાંધીનગર લોકસભા મતક્ષેત્રના હોવા અંગે વિશેષ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. આ સાથે જ **અમદાવાદ - ગાંધીનગરને જોડતા રસ્તાના વિસ્તૃતીકરણ સાથે કુલ પાંચ નવા ઓવરબ્રિજનું કામ પૂર્ણ થયું છે.**

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી દ્વારા રિમોટ કન્ટ્રોલના માધ્યમથી લૉન્ચ કરવામાં આવેલી **'વતનપ્રેમ યોજના'** અંગે જણાવ્યું કે આ યોજના દ્વારા ગુજરાત સરકારે સમગ્ર વિશ્વમાં વસતા ગુજરાતીઓને પણ ગુજરાતના વિકાસમાં જોડાવાનો સુંદર મોકો આપ્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં જનભાગીદારીની કાર્ય સંસ્કૃતિ ઊભી કરી હતી, તેને આ યોજના દ્વારા વિજયભાઈ-નીતિનભાઈ આગળ વધારી રહ્યા છે. આ યોજનાથી વિદેશમાં વસતા પ્રત્યેક ગુજરાતીને પોતાના ગામ પ્રત્યે ઋણ અદા કરવાનો-યોગદાન આપવાનો શ્રેષ્ઠ



અવસર પ્રાપ્ત થશે. આ તકે શ્રી શાહે **આઝાદીના ૭૫મા વર્ષમાં પ્રવેશવેળાએ દેશ-વિદેશમાં વસતા તમામ ગુજરાતીઓને વતનપ્રેમ યોજનામાં જોડાવા અપીલ કરી હતી.**

તેમણે ઉમેર્યું કે **પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના હેઠળ ૨૫ હજાર પરિવારોને ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે, જ્યારે ૪૫ હજાર મકાનોનો શિલાન્યાસ થઈ રહ્યો છે.** અમદાવાદ, વડોદરા, કેશોદ, વાંકાનેરના શહેરી વિસ્તારોમાં ચાર હજાર મકાન પૂરાં પાડવાનું ભૂમિપૂજન કરાયું છે. આ તકે અમદાવાદ, વડોદરા, જામનગર, સુરત, ભાવનગર, ભુજ સહિત રાજ્યમાં મજબૂત રોડ નેટવર્ક ઊભું કરવા અને ઓવરબ્રિજ, અન્ડરપાસના કામ માટે કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રીશ્રી નીતિન ગડકરીનો આભાર માન્યો હતો, જેમાં **૧૧૪ જેટલા રસ્તાઓ, ઓવરબ્રિજનાં કામો રૂ. ૬૯૦ કરોડના ખર્ચે થઈ રહ્યાનો સંતોષ વ્યક્ત કર્યો** હતો.

**સુજલામ્-સુફલામ્ યોજના હેઠળ રૂ. ૧૧૬૨ કરોડના ખર્ચે પાઈપલાઈન નાખવાના કાર્યનું લોકાર્પણ થયું** છે. શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે આ યોજનાનો પ્રારંભ કરાવ્યો, ત્યારે વિરોધીઓ તેની ટીકા કરતા અને પૂછતા કે આવડી મોટી પાઈપલાઈનોમાંથી શું જશે? પણ, આ યોજના થકી બનાસકાંઠા અને સૌરાષ્ટ્રના ગામેગામ પાણી પહોંચ્યું છે અને ગુજરાતને ટેન્કરરાજમાંથી મુક્ત બનાવવાનું નરેન્દ્રભાઈનું સપનું પૂર્ણતાના આરે છે. જલજીવન મિશનની મહત્ત્વાકાંક્ષી યોજના હેઠળ પ્રત્યેક ઘર સુધી નળથી પાણી પહોંચાડવાનું વડાપ્રધાનશ્રીનું સપનું છે. ગુજરાતમાં પણ **આગામી વર્ષ ૨૦૨૨ સુધીમાં રાજ્યનું એક પણ ઘર પીવાના પાણીથી વંચિત ન રહે એ માટે ૨૩ જિલ્લાનાં ૧૬૩૨ ગામમાં રૂ. ૪૦૦ કરોડથી વધુના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવી** છે.

શ્રમ અને રોજગારની દિશામાં આગેકૂચ કરતાં **૧૩ જિલ્લામાં ૧૯ નવી આઈટીઆઈ** શરૂ કરવામાં આવી રહી છે, તો **૨૪ આઈટીઆઈ**નું એક્સટેન્શન અને નવી **૧૨ જેટલી વર્કશોપ** શરૂ કરવામાં આવી છે. જ્યારે માર્ગપરિવહનની નવી સુવિધાના ભાગરૂપે ૧૫ કરોડ રૂપિયાના ખર્ચે પાંચ નવાં બસસ્ટેશન અને એક વિભાગીય એસટી કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી શાહે ઉમેર્યું કે કોરોનાના કપરા કાળમાં પણ રાજ્યના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ દેશભરમાં નમૂનારૂપ કામગીરી દ્વારા મક્કમ મુકાબલો કરીને નાગરિકોને સંક્રમણથી બચાવ્યા છે અને **દૈનિક ૧૦ લાખ નાગરિકોને વેક્સિન** આપીને વેક્સિનેશનમાં પણ સૌથી વધુ કામગીરી દેશભરમાં કરીને નાગરિકોને સુરક્ષિત કર્યા છે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રૂ. ૮૦ હજાર કરોડથી વધુના ખર્ચે દેશના ૮૦ કરોડથી વધુ ગરીબોને દિવાળી સુધી પાંચ કિલો મફત અનાજ વિતરણનો નિર્ણય કર્યો, તે સંદર્ભે પણ રાજ્ય સરકાર દ્વારા અપ્રતિમ કામગીરી કરીને અન્નવિતરણ કરવામાં આવ્યું છે.

શ્રી શાહે જણાવ્યું કે, **દેશના બક્ષીપંચ અને આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ તબીબી શિક્ષણ મેળવી શકે એ માટે કેન્દ્રીય ક્વૉટામાં તબીબી સ્નાતક અને અનુસ્નાતકમાં અનામત આપવાનો મહત્ત્વનો નિર્ણય કરીને નવી શરૂઆત કરી** છે. જે અંતર્ગત બક્ષીપંચના વિદ્યાર્થીઓને ૨૭ ટકા અને આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ૧૦ ટકા અનામત આપીને આ વિદ્યાર્થીઓ માટે તબીબી ક્ષેત્રે રોજગારીનાં નવાં દ્વાર ખોલ્યાં છે.

**શાસન દાયિત્વનાં પાંચ વર્ષ પૂર્ણ થવાની આ કોઈ ઉજવણી નથી પરંતુ જનસેવા કામોના યજ્ઞને જન જન સુધી ઉજાગર કરવાનું અમારું આ અનુષ્ઠાન - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**

રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીજીના આગ્રહથી ૧૦૯ કિમીનો ધોલેરા-અમદાવાદ હાઈવે, શ્રી અમિતભાઈ શાહના અનુરોધથી જેતપુર-ભાવનગર - સોમનાથના જંક્શન ઉપર ફ્લાય-ઓવરનું નિર્માણ કરવાની ડિઝાઈન તૈયાર થઈ ચૂકી છે. વળી, સોમનાથ ટ્રસ્ટ ભૂમિ ઉપર ફ્લાઈ-ઓવર, કોડિનારથી વેરાવળના ચાર-લેનના પ્રસ્તાવને પણ માન્યો છે.

રાજ્યના નાયબ મુખમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ચિલોડા - ગાંધીનગર - સરખેજ માટે વધુ કાર્યનો પ્રસ્તાવ આપ્યો હતો, જેને ચેંજ ઓફ સ્કોપ હેઠળ સામેલ કર્યો છે. શ્રી રૂપાલાજીએ મહુવા-સાવરકુંડલા-બગસરા-અમરેલી-જેતપુરનો માર્ગ પૂરો કરવા માંગ કરી છે. જો ભૂમિ અધિગ્રહણનું કામ સમયસર પૂરું થઈ જશે તો તેને પાંચ પેકેજમાં પૂરો કરી





## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલો પ્રગતિશીલ, સમૃદ્ધ અને સંપન્ન રાજ્યનો વારસો રૂપાણીજી અને નીતિનભાઈએ જાળવી રાખ્યો છે અને તેમના માર્ગદર્શનમાં ગુજરાત લગાતાર પ્રગતિ અને વિકાસ તરફ ધપી રહ્યું છે - કેન્દ્રીય માર્ગ-પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરી


'પાંચ વર્ષ આપણી સરકારનાં' અંતર્ગત રાજ્ય સરકારના પાંચ વર્ષના સફળ શાસનની મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈને શુભકામનાઓ પાઠવતાં કેન્દ્રીય માર્ગ-પરિવહન મંત્રીશ્રી નીતિન ગડકરીએ 'વિકાસ દિવસ' નિમિત્તે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલો પ્રગતિશીલ, સમૃદ્ધ અને સંપન્ન રાજ્યનો વારસો રૂપાણીજી અને નીતિનભાઈએ જાળવી રાખ્યો છે અને તેમના માર્ગદર્શનમાં ગુજરાત લગાતાર પ્રગતિ અને વિકાસ તરફ ધપી રહ્યું છે, જે અમારા માટે ખુશીની વાત છે.

શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે, 'આજના લોકાર્પણમાં 'રાષ્ટ્રીય રાજમાર્ગ નિર્માણ' અંતર્ગત ડીસામાં એલિવેટેડ કોરિડોર બનાવવામાં આવ્યો છે. જે પૂર્વ-પશ્ચિમને જોડતો ઈકોનોમિક કોરિડોર છે. આ રસ્તો કંડલા અને મુન્દ્રા જેવાં બંદરોને ઉત્તર અને મધ્ય ભારતથી જોડાશે. આ કારણે અહીં ટ્રાફિકની સમસ્યા હળવી થશે અને અકસ્માતો પણ ઘટશે. વળી, રાજસ્થાનથી આવતા દર્દીઓને પણ મેડિકલ સેવા માટે ગુજરાત જવું સરળ પડશે.

'ભારતમાલા પરિયોજના' હેઠળના આશરે **રૂ. ૨૫,૩૧૭ કરોડના ૧૦૮૦ કિલોમીટરનાં રસ્તાઓનાં કાર્યોનો પ્રારંભ** ગુજરાતમાં થઈ ગયો હોવાની જાણકારી આપતાં કેન્દ્રીય મંત્રીશ્રી ગડકરીએ ઉમેર્યું હતું કે, સાંચોર-અમદાવાદ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ **૨૧૦ કિમી હાઈ-વે રૂ.૬,૦૦૦ કરોડ**ના ખર્ચે, જેતપુર-રાજકોટ **૬૫ કિમીનો છ માર્ગ હાઈવે રૂ. ૬૫૦ કરોડ**ના ખર્ચે, **૧૨૦ કિમીનો** સાંતલપુર-સામખિયાળી છ માર્ગીય હાઈવે **૧૨૦૦ કરોડ**ના ખર્ચે, **૨૯૦ કિમી**નો બોડેલી-વાપી ગ્રીન ફિલ્ડ ચાર માર્ગ **રૂ.૮૪૧૨ કરોડ**ના ખર્ચે, ધાનેરા-ડીસા વચ્ચેનો **૩૪ કિમી**નો માર્ગ **રૂ. ૫૦૦ કરોડ**ના ખર્ચે, સુરત-નાસિક-અમદાવાદનો આશરે **૧૨૮ કિમીનો ગ્રીનફિલ્ડ માર્ગ રૂ.૨૪૨૮ કરોડ**ના ખર્ચે તૈયાર કરવામાં આવશે. શ્રી ગડકરીએ આશાવાદ વ્યક્ત કર્યો હતો કે, આ તમામ કાર્યો આ વર્ષમાં જ ચાલુ થઈ જશે.

આ સાથે જ દિલ્હી-મુંબઈ વચ્ચેના એક્સપ્રેસ હાઈ-વેનું કાર્ય પૂરજોરમાં ચાલુ હોવા અંગે માહિતી આપતાં શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે આ માર્ગ પૂર્ણરૂપે ચાલુ થઈ જતાં **માત્ર ૧૨ કલાકમાં જ મુંબઈથી દિલ્હી પહોંચી જવાશે**. આ હાઈવે પૈકીનો જે માર્ગ ગુજરાતના ભાગે આવે છે, તેમાં ૮ લેનનો વડોદરાથી મુંબઈ વચ્ચેનો ૪૨૫ કિમીનો રૂ.૨૫,૦૦૦ કરોડના સંભવિત ખર્ચના હાઈ-વેનું નિર્માણ પ્રગતિમાં છે. આ પૈકીનો ૧૨૫ કિલોમીટરનો **વડોદરા-કિમ-પાદરા-અંકલેશ્વરનો રૂ.૮૭૧૧ કરોડનો પ્રોજેક્ટ** ડિસેમ્બર,૨૦૨૧માં જ પૂર્ણ થઈ જશે, જ્યારે બાકીનો ૮૫ કિમીનો ભાગ ઓક્ટો, ૨૦૨૧માં પૂરો થઈ જશે. અહીં જાબુઆ, મધ્યપ્રદેશથી ગુજરાતના દાહોદ-પંચમહાલ-વલસાડ-વડોદરા-ભરૂચ-સુરત સાથે જોડનારો એક્સપ્રેસ-વે અહીંના આદિવાસી-પછાત અને ગ્રામીણ ક્ષેત્રના લોકોનો વિકાસ કરશે.

આ તબક્કે શ્રી ગડકરીએ અમેરિકાના પૂર્વ પ્રેસિડેન્ટ જહોન એફ.કેનેડીને યાદ કરી જણાવ્યું હતું કે, કેનેડી હંમેશા કહેતા કે, "American roads are no good because America is rich, but America is rich because American roads are good." આપણા આ રસ્તાઓનું જાળતંત્ર ગુજરાત-મધ્યપ્રદેશ-રાજસ્થાન અને આસપાસના વિસ્તારો માટે ગ્રોથ એન્જિન બનશે. આ સાથે ગડકરીએ ઉમેર્યું હતું કે, અમૃતસર -જામનગર ઈકોનોમિક કોરિડોરનું કામ પણ શરૂ થઈ રહ્યું છે. સાંચોર - સાંતલપુરનો **૧૨૫ કિમી**નો એક્સપ્રેસ **૬ લેન રૂ. ૩૦૦૦ કરોડ**ના ખર્ચે બની રહ્યો છે.



દેવામાં આવશે. આ સાથે કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈએ મહેસાણા-ભુજ વચ્ચે ચાર માર્ગીય રસ્તો બનાવવાની માંગ કરી હતી, જેને સ્વીકૃતિ આપી દેવાઈ છે, જે ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. સાંસદશ્રી કે. સી. પટેલે વાપી-વલસાડનો માર્ગ પહોળો કરવાની વાત કરી હતી, તેને સ્વીકૃત કરવામાં આવ્યો છે. જ્યારે સાંસદશ્રી હસમુખભાઈ પટેલે શામળાજી - ચિલોડા હાઈવે માટે માંગ કરી હતી, જે કાર્ય ડિસેમ્બર, ૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં રાષ્ટ્રીય મહામાર્ગ નિર્માણકાર્ય તેજીથી ચાલી રહ્યું છે ત્યારે આગામી ત્રણ વર્ષમાં જ અમેરિકાના સ્ટાન્ડર્ડના માર્ગો બનાવી શકીશું. એક સમય હતો જ્યારે આપણે એક દિવસમાં માત્ર બે કિલોમીટર રસ્તો બનાવી શકતા હતા, અત્યારે એક દિવસમાં ૩૮ કિલોમીટરનો રસ્તો બનાવવા સક્ષમ છીએ. શ્રી ગડકરીએ ભાર મૂક્યો હતો કે, જો રાજ્ય સરકાર જમીન અધિગ્રહણનાં કાર્યો ઝડપી અને સમાધાનપૂર્વક કરાવે તો ધોરીમાર્ગ નિર્માણમાં હજુ પણ વધુ તેજીથી કામ કરી શકાય તેમ છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વિકાસના રોલ મોડેલ બની ગયેલા ગુજરાતની સ્પર્ધા હવે વિશ્વ સાથે છે.

વિકાસની રાજનીતિની જે પ્રણાલી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્થાપિત કરી છે તે જ પદચિહ્નો પર ચાલીને પાંચ વર્ષમાં સૌના સાથ સૌના વિકાસ મંત્રથી જનહિતનાં કામોને દશે દિશાએ વેગવંતા બનાવ્યા છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. શાસન દાયિત્વનાં પાંચ વર્ષ પૂર્ણ થવાની આ કોઈ ઉજવણી નથી પરંતુ જનસેવા કામોના યજ્ઞને જન જન સુધી ઉજાગર કરવાનું અમારું આ અનુષ્ઠાન છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ એક જ દિવસમાં રાજ્યભરમાં એક મંચ પરથી એક સાથે **રૂ.૫૩૦૦ કરોડનાં વિકાસકામોની રાજ્યની જનતા જનાર્દનને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના હસ્તે ધરેલી ભેટ** જે કહેવું તે કરવુંની વિચારધારાને પ્રગટ કરે છે તેવો મત વ્યક્ત કર્યો હતો.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, અમારી સરકારમાં કોઈ પણ કામની બજેટ જોગવાઈ, ટેન્ડર પ્રસિદ્ધિ, એજન્સી ફિક્સ થવી અને ઝડપી-વેળાસર તે કામ પૂર્ણ થાય એવી કાર્યપદ્ધતિ વિકસાવી છે. એટલે જ જેના ખાતમુહૂર્ત અમે કરીએ તેના લોકાર્પણ પણ અમારા સમયમાં જ થાય છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું કે કોરોનાકાળમાં બધું સ્થગિત હતું છતાં ગુજરાતમાં વિકાસકામોની ગતિ આપણે જારી રાખીને આ રૂ.૫૩૦૦ કરોડનાં કામો સહિત અનેક વિકાસકામો પૂર્ણ કર્યાં છે તે જ જનસેવાની અમારી પ્રતિબદ્ધતા છે. તેમણે જણાવ્યું કે, લાઈટ, પાણી, ગટર, રસ્તા જેવી માળખાગત સુવિધાઓનાં કામોથી આગળ વધી હવે ગુજરાત સ્માર્ટ સિટીઝ, સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ અને ઈઝ ઓફ લીવીંગ – હેપીનેસ ઈન્ડેક્ષની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે.

ઊર્જા, કૃષિ, શિક્ષણ, આરોગ્ય, ગરીબ, વંચિત, ખેડૂત હરેક વર્ગના લોકોને વિકાસની અનુભૂતિ થાય, અહેસાસ થાય અને વિકાસમાં સહભાગી થયાનો હર્ષ પણ થાય તેવા જનહિતના પ્રકલ્પો, યોજનાઓ, કાર્યો આ સરકારે જનતાને ભેટ આપ્યાં છે.

મુખ્યમંત્રીશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવ-૭૫ વર્ષ અવસરે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના હસ્તે રાજ્ય સરકારે લોંચ કરેલી વતનપ્રેમ યોજનાને દેશ-વિદેશમાં વસતા ગુજરાતીઓ માટે પોતાના વતન ગામ-નગરના વિકાસકામમાં ફાળો આપી માતૃભૂમિનું ઋણ અદા કરી શકનારી યોજના ગણાવી હતી. આ વતનપ્રેમ યોજના અન્વયે જે-તે ગામના વિકાસ કામોમાં ૪૦ ટકા ફાળો યોગદાન રાજ્ય સરકાર આપશે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ સુશાસનના આ પાંચ વર્ષ અને લોકહિત કામોના આધાર ઉપર આવનારાં વર્ષોમાં પણ વિકાસની પરાકાષ્ઠા સર્જી નવા વાતાવરણ, નવતર ભવિષ્યની દૃષ્ટિ સાથે વિકાસની આ જ ગતિ જનતા જનાર્દનના આશીર્વાદથી વધુ ઝડપે આગળ વધારવાની નેમ પણ વ્યક્ત કરી હતી.

> **દૃષ્ટિવંત આયોજન થકી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શરૂ કરેલા સર્વાંગી વિકાસને અમે અવિરત આગળ વધારી રહ્યા છીએ, ગુજરાત ઉત્તમથી સર્વોત્તમ તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યું છે**
> **- નાયબ મુખ્યમંત્રી**
> **શ્રી નીતિનભાઈ પટેલ**

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ગુજરાતના વિકાસને મળેલી સફળતાનું શ્રેય રાજ્યના છ કરોડ નાગરિકોના જન સહયોગ અને પ્રજાના આશીર્વાદને






# ૫ વર્ષ આપણી સરકારનાં સૌના સાથથી સૌના વિકાસનાં

## કિસાન સૂર્યોદય યોજના હેઠળ ૩૯૧૫ ગામોનાં ૪.૪૭ લાખથી વધુ ખેડૂતોને રાત્રિના ઉજાગરામાંથી મુક્તિ




### ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવાના વડાપ્રધાનશ્રીના સપનાને સાકાર કરવા માટે ગુજરાત સરકાર કાર્યરત

- સાત પગલાં ખેડૂત કલ્યાણ અંતર્ગત વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ
- વાવણીથી વેચાણ સુધી, દરેક પગલે ખેડૂતોની સાથે ગુજરાત સરકાર
- ખેડૂતોને આર્થિક લાભ : ગુજરાત રાજ્ય સરકારના પ્રયાસોથી કૃષિ ક્ષેત્રે ખેડૂતોને વાર્ષિક રૂ. ૨૫,૦૦૦ કરોડનો આર્થિક લાભ
- આપત્તિ વખતે ખેડૂતોની પડખે : છેલ્લાં ૫ વર્ષમાં કુદરતી આપત્તિઓથી ખેડૂતોને નુકસાન સામે કુલ રૂ. ૧૧,૪૧૯ કરોડની સહાયનું પેકેજ
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના : ખેડૂતોને વાર્ષિક રૂ. ૬,૦૦૦ની સહાય ગુજરાતના ૫૯ લાખના ખેડૂતોના બેંક ખાતામાં રૂ. ૭,૯૫૧ કરોડ જમા થયા
- રાસાયણિક ખાતર : છેલ્લાં ૫ વર્ષમાં રાસાયણિક ખાતર માટે રૂ. ૧૯,૦૦૦ કરોડની સહાય
- સિંચાઈ વ્યવસ્થા : નર્મદાનું પાણી સુજલામ્ સુફલામ્ યોજનાથી ઉત્તર ગુજરાતમાં, સૌની યોજનાથી સૌરાષ્ટ્રમાં અને કચ્છમાં મોકલવાની યોજના
- આદિવાસી વિસ્તારો માટે લિફ્ટ ઈરિગેશન યોજના
- ટેકાના ભાવે ખરીદી : છેલ્લાં ૫ વર્ષમાં રૂ. ૧૯,૦૦૦ કરોડથી વધુના મૂલ્યની ૨૧ લાખથી વધુ ખેડૂતો પાસેથી ૪૧ લાખ મેટ્રિક ટન કૃષિપેદાશોની ખરીદી
- કિસ્સા સૂર્યોદય યોજના : દિવસે ઉત્પન્ન થતી સૌરઊર્જાનો મહત્તમ ઉપયોગ કરી ખેડૂતોને ખેતી માટે વીજળી આપવામાં આવશે
- સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજના : વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૩.૩૦ લાખથી વધુ ખેડૂતોને રૂ. ૫૭૫ કરોડનો લાભ



આપતાં કહ્યું કે, ગુજરાત દેશભરમાં વિકાસનું રોલ મોડલ પુરવાર થઈ રહ્યું છે ત્યારે આગામી સમયમાં પણ આપણે ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઈ જઈ વિશ્વનું ઉત્તમ રાજ્ય બનાવવું છે. એ માટે આપણે સૌ સંકલ્પબદ્ધ બનીને સહયોગથી કામ કરશું એવો દૃઢ વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો છે.

તેમણે ઉમેર્યું કે, આજનો દિવસ ગુજરાત માટે ગૌરવનો દિન છે કેમ કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની આપણી રાજ્ય સરકારના સુશાસનને પાંચ વર્ષ પૂર્ણ થયાં છે. પૂજ્ય મહાત્મા ગાંધી, સરદાર સાહેબ અને રવિશંકર મહારાજના ગુજરાતે આઝાદીકાળ અને તે પછીના કાળમાં હંમેશા સૌને મદદ કરી છે અને કરી પણ રહ્યું છે. અમારી ટીમ ગુજરાતે રાજ્યની અવિરત વિકાસયાત્રાને આગળ વધારી છે, જેના પરિણામે રાજ્યના નાગરિકોનો વિશ્વાસ, પ્રેમ અને આશીર્વાદ અમને સતત મળતાં રહ્યાં છે, જેના પરિણામે સમગ્ર રાજ્યમાં અમને સત્તાનાં સૂત્રો સોંપ્યાં છે, એ જ દર્શાવે છે કે પ્રજા અમારા કામોથી સંપૂર્ણ સંતુષ્ટ છે.

તેમણે કહ્યું કે, કોઈપણ રાષ્ટ્ર કે રાજ્યના સર્વાંગી વિકાસ માટે રાજકીય સ્થિરતા જરૂરી છે. છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં કયારેય કોઈ પ્રકારની રાજકીય અસ્થિરતા કે ખેંચાખેંચી જોવા મળી નથી, જેના પરિણામે રાજ્યની વિકાસયાત્રાને આગળ વધારવામાં આપણને સફળતા મળી છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત આયોજનના પરિણામે રાજ્યનો સર્વાંગી વિકાસ થયો અને અમે એને આગળ વધારી રહ્યા છીએ. પણ વડાપ્રધાનશ્રી અને કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી શ્રી અમિતભાઈ શાહનો સહયોગ અને માર્ગદર્શન મળી રહ્યું છે, જેના પરિણામે ગુજરાત ઉત્તમથી સર્વોત્તમ તરફ ડગ માંડી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, સરકાર અને સંગઠનના અપ્રતિમ પ્રયાસોના પરિણામે કેન્દ્ર અને રાજ્ય સરકારના અનેક પ્રજાકીય કામો આપણે છેવાડાના લોકો સુધી પહોંચાડીને સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસના મંત્રને ચરિતાર્થ કરીને આરોગ્ય, શિક્ષણ, માર્ગવિકાસ સહિત ગરીબલક્ષી અને ખેડૂતલક્ષી અનેક યોજનાઓના લાભો પહોંચાડ્યા છે. આ સફળતા એ સરકારની જ નહીં પણ સવા છ કરોડ ગુજરાતી જનતા જનાર્દનના આશીર્વાદની છે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાતમાં અનેક ચઢાવ-ઉતાર અને સારા-કપરા કાળ આવ્યા, છતાંય અમે સંપૂર્ણ નિષ્ઠાથી કામ કરીને પ્રજાની પડખે ઊભા રહ્યા છીએ. એટલે જ પ્રજાના આશીર્વાદ અમને મળી રહ્યા છે. આ આશીર્વાદને સાર્થક કરીને અમને ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઈ જવામાં સૌ ગુજરાતીઓનો સહયોગ મળશે એવો અમને વિશ્વાસ છે.

રાજ્ય સરકારે કરેલાં વિકાસકામોનો ચિતાર આપીને તેમણે પ્રજાકીય સહયોગ અને આશીર્વાદ માટે જનતા જનાર્દનનો રાજ્ય સરકાર વતી આભાર માન્યો હતો અને આમ જ નાગરિકોનો આશીર્વાદ અને સહયોગ મળતો રહેશે એવો આશાવાદ વ્યકત કર્યો હતો. વિકાસ દિવસ નિમિત્તે રાજ્યની પ્રજાના જનસુખાકારી માટે રૂ.૩૩૨૨ કરોડથી વધુના કામોનું લોકાર્પણ અને રૂ.૧૯૬૧ કરોડથી વધુનાં કામોનું ખાતમુહૂર્ત- ભૂમિપૂજન એટલે કે અંદાજે કુલ રૂ.૫૩૦૦ કરોડના વિકાસકામોનું મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતેથી ઈ-ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જેમાં **ગ્રામવિકાસ વિભાગનાં કુલ રૂ.૧૦૮૪ કરોડથી વધુનાં કામો,** માર્ગ અને મકાન વિભાગના કુલ રૂ.૧૬૨૦ કરોડથી વધુનાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના રૂ.૩૭૮ કરોડથી વધુનાં કામો, જળસંપત્તિ વિભાગનાં રૂ.૧૨૨૦ કરોડથી વધુનાં કામો, પાણી પુરવઠા વિભાગના રૂ.૩૯૬ કરોડનાં કામો, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના રૂ.૨૮૫ કરોડથી વધુનાં કામો, બંદરો અને વાહન વ્યવહાર વિભાગના રૂ.૫૨ કરોડથી વધુનાં કામો અને શ્રમ અને રોજગાર વિભાગનાં રૂ.૨૪૪ કરોડથી વધુનાં કામોનું ઈ-ખાતમુહૂર્ત અને લોકાર્પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ગુજરાત રાજ્ય વાહન-વ્યવહાર નિગમ દ્વારા રૂ.૨૫૫ કરોડના ખર્ચે ૧૫૧ બસ, પાંચ બસ-સ્ટેશન અને એક વિભાગીય કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

વિકાસ દિવસે પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની 'વતનપ્રેમ યોજના'ના વેબપોર્ટલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત રાજ્ય-દેશ અને વિદેશમાં વસતા દાતાશ્રીઓ વિવિધ વિકાસકાર્યો માટે ૬૦ ટકા દાન આપે, તેની સામે સરકાર ૪૦ ટકા અનુદાન ફાળવશે, તે કામ પર દાતાશ્રીની તકતી મૂકવામાં આવશે.





# રાજ્યમાં સૌથી વધુ બહારથી આવીને લોકો કામ કરતા હશે તેમાં ગુજરાત રાજ્ય સૌથી મોખરે છે - પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલ

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ સરકારે સફળતાપૂર્વક પાંચ વર્ષ પૂર્ણ કર્યાં તે નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા ૧ થી ૯ ઓગસ્ટ સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યાં છે ત્યારે ૬ ઓગસ્ટના રોજ રોજગાર દિવસ નિમિતે રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, ઊર્જા વિભાગના મંત્રીશ્રી સૌરભ પટેલ અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ દ્વારા મેગા જોબ ફેર અને નિમણૂક પત્રના વિતરણનો શુભારંભ કરાવ્યો. જેમા મુખ્યમંત્રીશ્રી અને પ્રદેશ અધ્યક્ષના હસ્તે ૬૦ હજારથી વધુ યુવકોને રોજગાર નિમણૂક પત્ર આપવામાં આવ્યા. સાથે રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને પ્રદેશ અધ્યક્ષશ્રીના વરદ હસ્તે રોજગારી માટેના વેબ પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશન ''અનુબંધમ્''નું લોકાર્પણ કરવામાં આવ્યું.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે જણાવ્યું કે, નાના-મોટા રોજગાર મેળા કદાચ આખા દેશમાં અલગ-અલગ રાજ્યમાં થતા હોય પણ જે રીતે આવા ભવ્ય રોજગાર મેળાનું આયોજન કરવું તે પણ સફળતાપૂર્વક ટાર્ગેટ પૂરો કરી અને ૨૦ ટકા વધારો કરવો તે ગુજરાતમાં શકય છે અને એટલે સરકારશ્રીને અને અધિકારીશ્રીઓને અભિનંદન પાઠવું છું. આ ઉજવણી નથી પરંતુ ૦૫ વર્ષ પૂર્ણ કર્યા પછી પ્રજાને વધુમાં વધુ શું આપી શકાય તેમજ પ્રજાને શું લાભ થાય તે માટેનો કાર્યક્રમ છે. સાથે શ્રી પાટીલે જણાવ્યું કે આખા દેશમાંથી કોઈ રાજ્યમાં સૌથી વધુ બહારથી આવીને લોકો કામ કરતા હશે તેમાં ગુજરાત રાજ્ય સૌથી મોખરે છે. જે રીતે કોરોના પછી સરકારે લોકોને બસ અને ટ્રેન મારફતે તેમના વતન જવાની વ્યવસ્થા કરી તે આખા દેશમાં કોઈ રાજ્યે નથી કરી. અને આ જ બતાવે છે કે લોકો ગુજરાતમાં શા માટે આવે છે. કામ મળે છે અને તેમને સંતોષ મળે છે અને સરકારની અલગ અલગ યોજનાથી લોકોને લાભ મળે છે તે અંત્યત મહત્ત્વનું છે.

સ્કીલ ડેવલપમેન્ટ કરવામાં આવે છે, તેના કારણે ઉદ્યોગકારોને બહુ ફાયદો થાય છે. સાથે જણાવ્યું કે ગુજરાત સરકારે ખેડૂતોને દિવસે સિંચાઈ માટે વીજળી આપવાની શરૂઆત કરી.


શ્રી પાટીલે જણાવ્યું કે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ જે રીતે રોજગારીની તકો ઊભી કરવા રાજ્યોમાં રોજગાર મેળા શરૂ કર્યા અને

## ગુજરાતના યુવાનોને કૌશલ્યથી સક્ષમ બનાવી રોજગારીની તકો પૂરી પાડવા માટે ગુજરાત સરકાર પ્રયત્નશીલ છે

- રાજ્યના તમામ જિલ્લાઓમાં અને મહાનગરપાલિકાનાં **કુલ ૫૨ સ્થળોએ મેગા જોબફેર અને નિમણૂક પત્રોનું વિતરણ**
- કોરોનાના કપરા કાળમાં પણ સામાન્ય વહીવટ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ સહિત અન્ય સરકારી વિભાગોમાં **શિક્ષણ સહાયક, નર્સ** જેવા વિવિધ સંવર્ગમાં ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી તેમજ બોર્ડ-કોર્પોરેશનના તથા ખાનગી ક્ષેત્રોમાં આપી મહત્તમ રોજગારી : **પસંદગી પામેલા અંદાજે ૬૦ હજાર યુવાનોને નિમણૂક પત્રો**
- ''અનુબંધમ્'' રોજગાર પોર્ટલ : **રોજગારદાતા** અને **રોજગારવાંચ્છુઓ** વચ્ચે **ડિજિટલ પહેલ**થી રચ્યો રોજગારી મેળવવાનો **સુદૃઢ સેતુ**

તેમણે જણાવ્યું કે, રાજ્યમાં દારૂબંધી ખૂબ મહત્ત્વનું પાસું છે. દારૂબંધીનો સરકાર મક્કમતાથી અમલ કરાવે છે અને એના કારણે ઉદ્યોગકારોને ફાયદો થાય છે. સાથે સરકાર દ્વારા સમયસર સબસિડી આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવાનો પ્રયત્ન થાય છે તેના કારણે પણ ઘણો ફાયદો થાય છે. સાથે શ્રી પાટીલે જણાવ્યું કે આખા રાજ્યમાં જે રીતે ઈન્ફ્રાસ્ટ્રકચર આપી યુવાનોને તૈયાર કરવામાં આવે છે. ઉદ્યોગકારોને આમંત્રિત કર્યા તેના લીધે નવું ઈનવેસ્ટમેન્ટ આવ્યું, નવી ઈન્ડસ્ટ્રી આવી, તેના કારણે રોજગારીની તકો ખૂબ વધી છે. સાથે જણાવ્યું કે યુવાનો રાજ્યમાં પોતાના અધિકારો માટે હડતાલો કરે તેના કારણે અશાંતિ ઊભી કરવાના બનાવો પણ ગુજરાતમાં બનતા નથી અને ભાગ્યે બને તો તે પણ સમજાવટથી પૂરી થાય છે અને ગુજરાતનું ભવિષ્ય ખૂબ ઊજળું છે .

•



# આસામ-મિઝોરમ સીમાવિવાદના મૂળમાં કોંગ્રેસની અંગ્રેજ ચાલ!

**કેન્દ્રીય ગૃહમંત્રીની મુલાકાત બાદ તુરંત હિંસા ભડકાવવાની ગંદી ચેષ્ટા**
**પૂર્વોત્તરનો વિકાસ અને સુરક્ષિત સીમાઓ વિપક્ષને શા માટે ખટકે છે ?**

## નોર્થ ઇસ્ટને સૌથી વધુ પ્રભાવી નુકશાન કોઈએ કર્યું હોય તો એ કોંગ્રેસનાં વર્ષોથી આચરાયેલ કૌભાંડો અને ભ્રષ્ટાચારે કર્યું

ચાલો, આપણે સૌપ્રથમ તો આસામ-મિઝોરમના સીમાઘર્ષણના મૂળમાં શું છે એ સમજીએ! વાત એવી છે કે પૂર્વ પ્રધાનમંત્રી અને ભારતને ગુલામ બનાવનાર અંગ્રેજોના લાડીલા શ્રી જવાહરલાલ નહેરુએ મૂળભૂત રીતે એક જ પ્રદેશના જ ભાગો એટલે કે આસામ, અરુણાચલ પ્રદેશ, મણિપુર, ત્રિપુરા, મિઝોરમ, સિક્કિમ અને નાગાલેન્ડને સપ્તભગિની એટલે કે સેવન સિસ્ટર એવું નામ આપ્યું, જે ચેષ્ટા ખરેખર પૂર્વોત્તર રાજ્યો નામની એક જ બહેનના પરિવારના અનેક ભાગો કર્યાની હતી. સામાજિક અને સાંસ્કૃતિક વિખવાદ, ઈસાઈ ધાર્મિક અતિક્રમણ અને પાકિસ્તાન બન્યા પછી વિભાજનની માનસિકતા ઉપરાંત ચીનના આપણી અભિન્ન અંગ એવી ભૂમિ ઉપરના દાવાઓને આડકતરું સમર્થન તેમજ નકસલવાદ જેવી અનેક નકારાત્મક ભેટ આ વિભાજને આપી. પરંતુ નોર્થ ઈસ્ટને સૌથી વધુ પ્રભાવી નુકસાન કોઈએ કર્યું હોય તો એ કોંગ્રેસનાં વર્ષોથી આચરાયેલ કૌભાંડો અને ભ્રષ્ટાચારે કર્યું.

## સમગ્ર પૂર્વોત્તરની ઉપેક્ષિત અને બદતર સ્થિતિ માટે કોંગ્રેસ જ જવાબદાર હતું

નોર્થ ઈસ્ટ તો જાણે કોંગ્રેસે બાકીના ભારતથી જુદું જ પાડી દીધેલું. એ તો ભલું થજો માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ તેમના દ્વારા પસંદ કરાયેલા શ્રી કિરણ રિજ્જુજી જેવા દિગ્ગજોનું કે જેમણે પૂર્વોત્તરની શક્તિઓ અને અસ્મિતાને ઓળખી અને જેના પગલે આપણને ટૉકિયો ઑલિમ્પિકમાં મૅરી કૉમ અને મીરાબાઈ ચાનુ, તરુણદીપ રાય, લોવલિના બોરગોહેન, લાર્લે-મસિયામી, સુશિલા લિકમાબમ, શંગલ્પકમ નિલાકાન્તા અને હૉકીની ખેલાડી સુશિલા ચાનુ મળ્યાં. ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની અરૂણાચલ મુલાકાત પ્રસંગે પણ ચીને નાકનું ટેરવું ચડાવ્યં; પરંતુ એ જ અરૂણાચલ પ્રદેશના સંસદસભ્યને કેન્દ્ર સરકારમાં પહેલા ચરણમાં ગૃહ અને ત્યારબાદ બીજા ચરણમાં અતિ મહત્ત્વના એવા ખેલ મંત્રાલયનો કારભાર સોંપ્યો અને એ જવાબદારી પણ રિજ્જુજીએ બખૂબી નિભાવી જે પરિણામ આપણે વર્તમાન ટૉકિયો ઑલિમ્પિકમાં જોઈ રહ્યા છીએ. ખેલાડીઓ પણ સરકાર દ્વારા જે રીતે પ્રોત્સાહન અને સુવિધાઓ મળી છે તેનાં ભારોભાર વખાણ કરે છે



● હિરેન કોટક, રાજકોટ

અને પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરે છે, જ્યારે બીજી તરફ જોઈએ તો ભૂતકાળની કોંગ્રેસ સરકારોએ ભારતમાં ક્રિકેટ સિવાયની રમતોને અને ખાસ કરીને નોર્થ ઈસ્ટના ખેલાડીઓ જે ક્ષેત્રોમાં સક્ષમ છે તેની અનદેખી જ કરેલી અને તેમાં પણ ભ્રષ્ટાચારનો ભોરિંગ બેસાડેલો. કુલ મળીને કહીએ તો આ માત્ર આસામ-મિઝોરમ જ નહીં બલ્કે સમગ્ર પૂર્વોત્તરની ઉપેક્ષિત અને બદતર સ્થિતિ માટે કોંગ્રેસ જ જવાબદાર હતી.

થોડું જે ઘટનાએ આ ચર્ચાને જન્મ આપ્યો છે એ ઘટના વિશે પણ જાણીએ, તો આસામના મુખ્ય મંત્રી હિમંત બિસ્વા સરમા અને મિઝોરમના મુખ્ય મંત્રી ઝોરામથાંગા ભારતનાં બે રાજ્યના મુખ્યમંત્રીઓ વચ્ચે રવિવારે સોશિયલ મીડિયા ઉપર ઉત્તર-પ્રત્યુત્તર સર્જાયેલા. બન્ને મુખ્યમંત્રીઓએ એકમેક પર આરોપ-પ્રત્યારોપ પણ કર્યા હતા. જોકે એ સ્થિતિ કેન્દ્રના હસ્તક્ષેપ અને બન્ને નેતાઓની દૂરંદેશીના કારણે થાળે પણ પડી ગઈ છે. પાડોશી રાજ્યોના મુખ્યમંત્રીઓ વચ્ચે ઘર્ષણની સ્થિતિ ઉદ્‌ભવે એ ભારતના ઈતિહાસમાં કદાચ પહેલી વખત જોવા મળ્યું હતું. મુદ્દાએ એ સ્વરૂપ ત્યારે પકડ્યું જ્યારે એક હિંસક સંઘર્ષમાં આસામ પોલીસના ૬ જવાનોનાં મૃત્યુ થયાં, બન્ને રાજ્યોની પોલીસ સામસામે આવી ગઈ હતી; દેશના ઈતિહાસમાં આવું અગાઉ ક્યારેય બન્યું નથી. આ વિવાદને વધારવા માટે એટલે કે હવનમાં હાડકાં નાંખવાનું ઘૃણાસ્પદ કાર્ય કોંગ્રેસે જ કર્યું હોવાનું નિષ્ણાતો માને છે! કોંગ્રેસ માટે પૂર્વોત્તર રાજ્યો એક સમયે ભ્રષ્ટાચારનું મુખ્ય મથક હતાં અને હવે જ્યારે કોંગ્રેસે કૌભાંડો આચરવાનું સાધન ગુમાવ્યું છે અને સત્તાથી દૂર થયાની સ્થિતિમાં તરફડિયાં મારી રહેલ છે ત્યારે કોંગ્રેસે તેની ગંદી નીતિઓને અનુસરી વિધ્વંશકારી પ્રવૃત્તિઓનો આશરો લીધો છે. હાલમાં જ કોંગ્રેસની જે જુઠ્ઠાણાંઓ ફેલાવતી કીટનો પર્દાફાશ થયો એ આ જ પ્રકારની નિમ્ન કક્ષાની નીતિઓનો એક ભાગ છે એ તો હવે દરેક ભારતીય ભલીભાંતી જાણે છે.

## ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’નું સપનું સાકાર થઈ રહ્યું છે


ખરેખર તો પૂર્વોત્તર રાજ્યો એ કોંગ્રેસ માટે ચીનને ભેટ આપવા માટેનો ભૂ-સામાન માત્ર હતો. કોંગ્રેસના ભારત તોડો વલણના કારણે આપણે મા ભારતીના અનેક ભાગલાઓ જોવાનો દુઃખદ અવસર આવેલો; પરંતુ હવે સ્થિતિ ઊલટી એટલે કે દેશની સરહદો ભારતીય સેના અને સુરક્ષા દળોને ફ્રી હેન્ડ મળવાના પગલે અભેદ્ય અને સુરક્ષિત બની છે; એટલે કે ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’નું સપનું સાકાર થઈ રહ્યું છે. આ ઉપરાંત પૂર્વોત્તરના નાગરિકોએ ભાજપ ઉપર મૂકેલા પ્રચંડ વિશ્વાસના પગલે વિકાસ અને સુરક્ષા માટે સરકારો કટિબદ્ધ છે. આ જ બાબત છે જે કોંગ્રેસના પેટમાં શૂળ ઉત્પન્ન કરે છે. વળી પૂર્વોત્તર રાજ્યો ચીનથી નજીક આવેલાં સીમાવર્તી રાજ્યો છે ત્યારે આંતરરાષ્ટ્રિય સીમાઓ માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી, માન. ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા માન. રક્ષામંત્રી શ્રી રાજનાથસિંહજીનાં સ્તુત્ય પગલાંઓ અને દૃઢ નિર્ણયોના પગલે પગલે સલામત બની છે, પરંતુ કોંગ્રેસનું આ પ્રકારે હિંસાને પ્રોત્સાહન આપી રાજ્યો વિરુદ્ધ રાજ્યોને લડાવવાનું કાવતરું આંતરિક અને બાહ્ય બન્ને મામલે ખતરનાક પણ છે અને નિંદનીય પણ છે.

## કોંગ્રેસ દ્વારા ક્ષેત્રની શાંતિ ડહોળવાનાં નિંદનિય પ્રયાસો સપાટી ઉપર આવ્યા

બન્ને રાજ્યો વચ્ચેનો સીમાવિવાદ જૂનો છે અને જુદાં-જુદાં સ્થળોએ ઝપાઝપીના સમાચાર પણ આવતા રહે છે, પરંતુ વિવાદ આ સ્વરૂપ ધારણ કરશે અને ગોળીબારમાં પોલીસકર્મીઓનાં મોત થશે તેનો અંદાજ ભાગ્યે જ કોઈને હશે. કેન્દ્રીય ગૃહમંત્રીએ શનિવારે જ પૂર્વોત્તરનાં રાજ્યોના મુખ્ય મંત્રીઓ સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ જ તુરંત કોંગ્રેસ દ્વારા ક્ષેત્રની શાંતિ ડહોળવાના નિંદનીય પ્રયાસો સપાટી ઉપર આવ્યા છે! કોંગ્રેસે પૂર્વોત્તર રાજ્યોની મિનિસ્ટ્રીઓ બનાવી નકરો ભ્રષ્ટાચાર જ આચર્યો છે એ સૌ કોઈ સમજે છે અને જાણે પણ છે.

## અંગ્રેજોની નીતિનું કોંગ્રેસ દ્વારા સતત અનુકરણ

આ ઉપરાંત વધુ એક કારણ એ પણ જણાઈ આવે છે કે પૂર્વોત્તર રાજ્યોમાં જે પ્રકારે વિકાસની ગતિ ભાજપની કેન્દ્ર સરકારના પ્રયાસો બાદ તેજ બની છે તેમજ



સ્થાનિકોનું ભવિષ્ય ઉજ્જવળ જણાઈ રહ્યું છે એ જોતાં કોંગ્રેસના પેટમાં પોતાના જૂના ગઢો પરત મેળવવા માટે અંગ્રેજોની જે નીતિનું કોંગ્રેસ સતત અનુકરણ કરતી આવી છે તેને અહીંયાં પણ અમલમાં મૂકી છે. પરિણામે બન્ને રાજ્યો વચ્ચે આ પ્રકારે હિંસક ઘટનાઓએ આકાર લીધો હતો. અત્રે એ ઉલ્લેખનીય છે કે મિઝોરમ ૧૯૭૨ સુધી આસામનો જ હિસ્સો હતો. આસામ અને મિઝોરમ વચ્ચે અંગ્રેજોના સમયથી વિવાદ ચાલ્યો આવે છે. એ વખતે લુશાઈ હિલ્સ નામે આસામનો એક જિલ્લો હતો અને તેનું મુખ્ય મથક આઈઝોલ હતું. એવું કહેવાય છે કે આસામ-મિઝોરમ વચ્ચેનો આ વિવાદ ૧૮૭૫ ના એક નોટિફિકેશનનું ફરજંદ છે. એ નોટિફિકેશન લુશાઈ હિલ્સને કછારના મેદાની વિસ્તારોથી અલગ કરવા વિશેનું હતું. મિઝોરમ આસામની સાથે જ હતું, પરંતુ મિઝો લોકો અને લુશાઈ હિલ્સનું ક્ષેત્ર નક્કી હતું. આ ક્ષેત્રને ૧૮૭૫માં નોટિફાય કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અન્ય મુદ્દાઓને સમાધાનકારી નિષ્કર્ષ આપવા માટે ભારત સરકાર સતત પ્રયત્નશીલ તેમજ કટિબદ્ધ છે જે વર્તમાન ગતિવિધિઓ દ્વારા સ્પષ્ટ છે.

**સમાધાન અને સંવાદિતા માટે પૂર્વોત્તર રાજ્યોની પ્રજા આશાવાદી છે પરંતુ કોંગ્રેસ ભ્રમ અને અશાંતિ ફેલાવવાના નિષ્ફળ પ્રયાસો કરી રહી છે.**

આસામ સરકાર ૧૯૩૩માં નોટિફાય કરવામાં આવેલી સીમા મુજબ પોતાનો દાવો આગળ ધરે છે. બન્નેના માપમાં ઘણો ફરક છે અને વિવાદનું મૂળ એકમેકની સીમાને હાવી કરતો હિસ્સો છે, જેના પરનો પોતપોતાનો દાવો જતો કરવા બન્ને રાજ્ય સરકારો હકારાત્મક ભૂમિકા માટે ઇચ્છુક પણ છે. ૧૮૭૫નું નોટિફિકેશન બંગાલ ઈસ્ટર્ન ફ્રન્ટિયર રેગ્યુલેશન (બીઈએફઆર) એક્ટ-૧૮૭૩ હેઠળ બહાર પાડવામાં આવ્યું હતું, જ્યારે ૧૯૩૩માં જે નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું તેમાં મિઝો સમુદાયના લોકોની સલાહ લેવામાં આવી ન હતી તેવો એક સૂર નીકળે છે, કદાચ એટલે જ મિઝો સમુદાયે તેનો વિરોધ કર્યો હતો. આસામની સાથે મિઝોરમની ૧૬૫ કિલોમીટર લાંબી સીમા છે. તેમાં મિઝોરમના ત્રણ જિલ્લા આઈઝોલ, કોલાસિબ અને મમિતનો સમાવેશ થાય છે, જ્યારે આ સીમામાં આસામના કછાર, કરીમગંજ અને હૈલાકાંદી જિલ્લા આવે છે. સમાધાન અને સંવાદિતા માટે પૂર્વોત્તર રાજ્યોની પ્રજા આશાવાદી છે પરંતુ કોંગ્રેસ ભ્રમ અને અશાંતિ ફેલાવવાના નિષ્ફળ પ્રયાસો કરી રહી છે.

**કોંગ્રેસ સંઘર્ષની સ્થિતિને હિંસક બનાવી પોતાના રાજકીય રોટલા શેકવા માંગે છે**

આસામ અને મિઝોરમ બન્ને રાજ્યોના લોકો વચ્ચેના મતભેદોના મૂળમાં ચીનની મેલી મુરાદો અને છૂપો હસ્તક્ષેપ, કોંગ્રેસનો ભ્રષ્ટાચારનો ગઢ જતો રહેવો અને બંગાળમાં ટિએમસીનો ગઢ ઢીલો પડવો પણ સામેલ ગણી શકાય. આ સીમાવિવાદના કાયમી નિરાકરણના પ્રયાસો જ્યારે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની ભાજપ શાસિત કેન્દ્ર સરકારે આદર્યા છે ત્યારે કોંગ્રેસ સંઘર્ષની સ્થિતિને હિંસક બનાવી પોતાના રાજકીય રોટલા શેકવા માંગે છે એ તો દીવા જેવું સ્પષ્ટ છે. આ ઉપરાંત વિવાદોમાં કોંગ્રેસે જ્યારથી પૂર્વોત્તરનો અભૂતપૂર્વ અને ઐતિહાસિક વિકાસ થતો જોયો છે ત્યારથી પ્રાદેશિક અસ્મિતાના નામે લોકોને ભડકાવવાનું ચાલુ કર્યું છે, જમ્મુ કાશ્મીરમાં જે રીતે રાષ્ટ્રવિરોધી તાકતોએ કલમ ૩૭૦નો વિરોધ કર્યો હતો આ એ જ ફરમો છે.

**કોંગ્રેસનાં મનસૂબા છે કે પૂર્વોત્તરનાં લોકો રાષ્ટ્રીયતાની ભાવનાને બાજુ પર મૂકીને પ્રાદેશિક અસ્મિતાની ભોળવનારી વાતો કરવા લાગે અને દેશ વધુ એક વખત ભાગલાઓ તરફ આગળ વધે**

કોંગ્રેસનાં મનસૂબા છે કે પૂર્વોત્તરનાં લોકો રાષ્ટ્રીયતાની ભાવનાને બાજુ પર મૂકીને પ્રાદેશિક અસ્મિતાની ભોળવનારી વાતો કરવા લાગે અને દેશ વધુ એક વખત ભાગલાઓ તરફ આગળ વધે; પરંતુ ભાજપની રાષ્ટ્રવાદી સરકાર દરેક નિર્ણયો પૂર્વોત્તર રાજ્યોનાં નાગરિકોનાં વિકાસ, પ્રગતિ અને હક્કને જ પ્રાથમિકતા આપશે અને કોંગ્રેસનાં વિઘ્નસંતોષી ઈરાદાઓ અને મલિન સપનાંઓને રગદોળી નાંખશે એ નક્કી છે.



# ધર્માંતર
# સર્વધર્મ સમભાવની ભાવના પરનું કલંક

આઝાદી બાદ લાંબો સમય દેશ પર કૉંગ્રેસે શાસન કર્યું. કૉંગ્રેસે આ સમય દરમિયાન રાષ્ટ્રની વર્ષો જૂની સળગતી સમસ્યા ધર્માંતરના પ્રશ્ન પર જરા પણ ગંભીરતા ન દાખવી, તેના ઉકેલ માટે પ્રયાસો ન કર્યા. ક્યાંથી કરે? મુસ્લિમો તથા અન્ય લઘુમતીઓના મતોની વોટબેંક સાચવવા મુસ્લિમ તુષ્ટીકરણની રાજનીતિ અપનાવી.

ધર્માંતરના મુદ્દે હાલમાં દેશભરમાં ઢોંગી બિન સાંપ્રદાયિક લોકો ખોટી રીતે હોબાળો મચાવી રહ્યા છે કે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને અન્ય હિન્દુ સંસ્થાઓ બળજબરીપૂર્વક અને લાલચ આપી ધર્માંતર કરાવી રહ્યા છે. આ તો ઊલટું ''ચોર કોટવાલ કો ડાંટે'' જેવી સ્થિતિ પેદા થઈ. સદીઓથી ભારતમાં લોભ, લાલચ, સેવાના રૂપાળા નામ પાછળ અને બળજબરીથી હિન્દુ લોકોનું અન્ય ધર્મમાં પરિવર્તન કરવાની પ્રવૃત્તિ ચાલી રહી છે.

અંગ્રેજોની વિદાય પછી પણ મુસ્લિમ અને ખ્રિસ્તી એજન્સીઓ દ્વારા ધર્માંતર કરાવીને બહુમતી હિંદુ વસ્તી ઘટાડવાના ચાલુ રહેલા પ્રયત્નો આપણી રાષ્ટ્રીય સલામતી અને અખંડિતતા સામે ખતરારૂપ બની રહ્યા છે. ધર્માંતરના મુદ્દે માત્ર આર.એસ.એસ. કે અન્ય હિન્દુ સંસ્થા જ નહિ, પણ ગાંધીજી અને સ્વામી વિવેકાનંદ જેવા રાષ્ટ્રહિત ધરાવતા જ્યોતિર્ધરો પણ ચિંતિત હતા.

### ધર્માંતર માટે અનુકૂળ ભારત

ભારત એક પ્રાચીન રાષ્ટ્ર છે. તેના ગૌરવપૂર્ણ અને લાંબા ઈતિહાસકાળ દરમિયાન અનેક મત, સંપ્રદાય ઊભા થયા. અનેક પ્રકારની પૂજાપદ્ધતિ વિકાસ પામી. આવા સંપ્રદાયો, માન્યતાઓ અને પૂજાપદ્ધતિઓનો સમુચ્ચય એટલે જ હિન્દુત્વ. હિન્દુઓને ગર્વ છે કે તેમનામાં વિવિધ મત, સંપ્રદાય, પંથ અને પૂજાપદ્ધતિઓ છે. આ બધાને હિન્દુ માત્ર નભાવી જ નથી લેતો, પણ તેનું સન્માન પણ કરે છે. હિન્દુ સહિષ્ણુ છે, ધર્મનિરપેક્ષ છે.

આ પ્રજાએ સ્વપ્નમાંય વિચાર્યું ન હતું કે જે ધર્મોનું તેમણે પ્રેમથી, આદરથી સ્વાગત કર્યું હતું તે જ ધર્મોના અનુયાયીઓ તેમને લલકારશે, પડકારશે અને રાષ્ટ્રની એકતા અને સમૃદ્ધિના શત્રુ બની જશે.


નવેમ્બર, ૧૯૯૯માં ખ્રિસ્તી ધર્મના વડા પોપ જહોન પોલ બીજાએ દિલ્હી ખાતે યોજાયેલ એશિયાના પાદરીઓના સંમેલનમાં પ્રવચન કરતાં કહ્યું હતું કે, 'ઈસુ ખ્રિસ્તની આ ત્રીજી સહસ્રાબ્દીમાં એશિયાભરમાં ખ્રિસ્તીધર્મ ફેલાવી દો. જ્યાં સુધી સમગ્ર એશિયા ઈસુ ખ્રિસ્તનું અનુયાયી બની ન જાય ત્યાં સુધી શાંત બેસશો નહિ.''

એશિયાનું ખ્રિસ્તીકરણ એટલે શું? એશિયાના દેશોમાં પાકિસ્તાન ખ્રિસ્તીમાં કદી પરિવર્તિત થાય ખરું? જાપાન થાય ખરું? ચીનની તો વાત જ જવા દો. ધર્માંતર માટે એટલા કડક કાયદાઓ છે કે, કોઈ પાદરી ધર્માંતરનો વિચાર પણ ન કરી શકે. હવે રહ્યું માત્ર ભારત. ધર્માંતર માટે ભારત આવીને પોપ જહોન પોપ બહુમતી હિન્દુ પ્રજાના દેશમાં લલકાર કરી ગયા. પાકિસ્તાન, ચીન, શ્રીલંકા, તાઈવાને તો પોપ જહોન પોપને પોતાના દેશમાં પ્રવચન કરવાની પરવાનગી જ ન આપી.

### ધર્માંતરથી દુઃખી ગાંધીજી અને સ્વામી વિવેકાનંદ

કહેવાય છે વિદેશથી લાખો ડોલરનું ફંડ ભારતમાં ઠલવાય છે. સાંપ્રદાયિક એન.જી.ઓ.ને મળતી આ દાનની રકમનો ઉપયોગ

● હેમત ગોહિલ (જામનગર)



સાંસ્કૃતિક, રચનાત્મક કે સામાજિક પ્રવૃત્તિઓને બદલે વટાળપ્રવૃત્તિ પાછળ વાપરવામાં આવે છે. મિશનરીઓ અને જેહાદી લોકો રાત-દિવસ ધર્માંતરના કાર્યમાં લાગી ગયા છે. પછાત વિસ્તાર, આદિવાસી અને ગરીબ વિસ્તારમાં કીમતી કપડાં, વ્યાજે રૂપિયાનું ધિરાણ આપે છે. પૈસા પરત ન કરતાં ધર્માંતર કરાવે છે. આગેવાનને મોટર સાયકલ અને આરોગ્યની સેવાના રૂપાળા નામ હેઠળ બેરોકટોક વટાળ પ્રવૃત્તિ પૂરજોશમાં ચલાવી રહ્યા છે.

આ બધી વટાળ પ્રવૃત્તિઓથી દુઃખી ગાંધીજીએ ''યંગ ઈન્ડિયા'' અખબારમાં એકવાર લખ્યું હતું કે, 'વટાળ પ્રવૃત્તિ બીજા ધંધાઓની જેમ એક ધંધો બની ગઈ છે. મને યાદ છે કે,

'ખ્રિસ્તી મિશનરીઓના અહેવાલમાં મેં વાંચ્યું હતું કે આગળની વટાળ પ્રવૃત્તિ વખતે વ્યક્તિદીઠ કેટલો ખર્ચ આવશે.'

સ્વામી વિવેકાનંદે પણ ખૂબ દૃઢતાથી એકવાર કહ્યું હતું, જો હિન્દુ સમાજનો એક પણ હિન્દુ પોતાનો ધર્મ બદલે છે તો હિન્દુ સમાજમાં એક હિન્દુની સંખ્યા ઓછી થાય છે.

**સંસ્કાર અને સંસ્કૃતિ બદલાવી નાંખે એને ધર્મ કેમ ગણાય? - ગાંધીજી**

ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'ના પહેલા ભાગના દસમા પ્રકરણમાં હાઈસ્કૂલમાં ભણતા ત્યારે હિંદુ ધર્મની ટીકા અને બદબોઈ કરતા એક ખ્રિસ્તી વ્યાખ્યાન આપતા. આ ખ્રિસ્તી વ્યાખ્યાતા હિંદુ દેવતાઓની અને હિંદુધર્મીઓની એટલી હદે અવહેલના, અપમાન અને ટીકા કરતા, જે ગાંધીજીને અસહ્ય લાગતું. ગાંધીજીએ અહીં લખ્યું છે કે, તે સમયે મને જાણવા મળ્યું કે, એક હિંદુ આગેવાને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો. સાંભળવા મળ્યા મુજબ એ હિંદુ આગેવાનને ખ્રિસ્તી ધર્મમાં પ્રવેશ આપ્યો ત્યારે તેમને ગોમાંસ ખવડાવવામાં આવ્યું અને શરાબ પિવડાવવામાં આવ્યો. તેનો પોશાક પણ બદલાઈ ગયો. ગાંધીજી આગળ લખે છે કે, જે ધર્મને અંગે ગોમાંસ ખાવું પડે, દારૂ પીવો પડે, ને પોતાનો પોશાક બદલવો પડે એ ધર્મ કેમ ગણાય? જે આગેવાને ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો તેમણે પોતાના પૂર્વજો, ધર્મ, રીતરિવાજ અને દેશની નિંદા કરવાનું શરૂ કર્યું. ગાંધીજી આ બધી બાબતોથી નારાજ થયા અને ચિંતિત પણ થયા. ગાંધીજીએ આગળ કહ્યું, આ બધી વાતોથી મારા મનમાં ખ્રિસ્તીધર્મ પ્રત્યે અભાવ પેદા થયો.

**પોતાના પૈતૃક ધર્મમાં પાછા ફરવું તે ધર્માંતર નહિ, ગૃહાગમન છે - પ. પૂ. શ્રી ગુરુજી**

એક ઉર્દૂ કૉલેજમાં પાંચ મૌલવીઓ શ્રી ગુરુજીને મળવા આવ્યા. વાતચીત દરમિયાન શ્રી ગુરુજીએ કહ્યું, 'આપ એવું માનો છો કે ખુદાને માત્ર કુરાન જ ગમે છે? ગીતા નહિ? 'અલ્લા' નામથી પોકારીએ તો જ આવે? 'રામ' કહીને બોલાવીએ તો આવવાની ના પાડશે? એ માત્ર ઉર્દૂ ભાષા જ જાણે છે, બીજી કોઈ નહિ?'

શ્રી ગુરુજીએ આગળ કહ્યું : 'અમે હિંદુઓ તો માનીએ છીએ કે, દરેક વ્યક્તિ તેને મનપસંદ સ્વરૂપ અને પદ્ધતિ મુજબ ઈશ્વરને ભજી શકે. પ્રત્યેક વ્યક્તિ પ્રભુને પ્રાપ્ત કરી શકે - નિષ્ઠા અને શ્રદ્ધાપૂર્વકનો પ્રામાણિક પ્રયત્ન હોય તો અને તેથી જ હિંદુધર્મમાં વટાળ પ્રવૃત્તિને જરા પણ સ્થાન નથી. મારો માર્ગ જ 'સાચો' છે અને અન્ય સૌ કોઈએ એનો જ સ્વીકાર કરવો જોઈએ એ ખ્યાલ જ 'ધર્માંતર'ના વિચારનું ઊગમસ્થાન છે.'

એક મૌલવીએ ગુરુજીને પ્રશ્ન કર્યો : 'પણ હિંદુઓએ હવે મુસલમાનો અને ખ્રિસ્તીઓનું ધર્માંતર કરાવવાનું શરૂ કર્યું છે.'

ત્યારે શ્રી ગુરુજીએ જે ઉત્તર આપ્યો તે આજે પણ એટલો જ પ્રસ્તુત છે : 'એ ધર્મપરિવર્તન નથી. ભૂતકાળમાં પરિસ્થિતિના દબાણને કારણે જેમને ધર્મ બદલવાની ફરજ પડી હતી એવા લોકોને પોતાના પૈતૃક ધર્મમાં પાછા ફરવાની તક અપાય છે એટલું જ. બહારથી તો મુઠ્ઠીભર મુસલમાનો જ આ દેશમાં આવેલા એ સાચું નથી? બાકીના બધાએ તો ધર્મપરિવર્તન જ કર્યું છે અને એનાં કારણો સર્વવિદિત છે. પોતાના પૈતૃક ધર્મમાં પાછા ફરવું તે ધર્માંતર નહિ, ગૃહાગમન છે.

**ઘરવાપસીને યોગ્ય ગણતા સ્વામી દયાનંદ સરસ્વતી**

સ્વામી દયાનંદ સરસ્વતીએ હિંમતપૂર્વક અને સ્પષ્ટ ભાષામાં



વેટિકન ખાતેના ખ્રિસ્તી ધર્મગુરુ પોપને પત્ર લખી જણાવ્યું હતું કે, ધર્માંતર એ એક પ્રકારની હિંસા છે, તેમ હું પણ ધર્માંતરની વિરુદ્ધ છું, છતાં પણ આ તબક્કે હું કહું છું કે જો ભારતનો મુસ્લિમ કે ખ્રિસ્તી પોતાનો ધર્મ બદલીને આજે પાછો હિંદુ થાય તો હું તેને ધર્માંતર નહિ ગણું, કારણ કે, જેમના પૂર્વજોનું બળજબરીથી ધર્માંતર કરાવ્યું હતું તે હિંદુ ધર્મમાં પાછા આવે છે.

**ધર્માંતર પર અંકુશ જરૂરી - શ્રી અટલ બિહારી વાજપેયી**

ઈન્દોર ખાતે સપ્ટેમ્બર, ૧૯૬૮માં ભારતીય જનસંઘના અધિવેશનમાં અધ્યક્ષીય પ્રવચન આપતાં શ્રી અટલજીએ ધર્માંતર મુદ્દે બોલતાં કહ્યું હતું કે, ધર્મની સ્વતંત્રતા બાબતે, પ્રચાર બાબતે અને ધર્માંતર કરવાના અધિકાર બાબતે બંધારણ સભામાં ખૂબ ચર્ચા થઈ હતી. કમનસીબે એ બાબતો આજે પણ અનિર્ણીત છે. અટલજીએ પોતાના ધારદાર પ્રવચનમાં કહ્યું હતું કે, જો બધી ઉપાસના પદ્ધતિઓ એક જ ઈશ્વરપ્રાપ્તિનું સાધન હોય તો, એકને છોડી બીજી ઉપાસના પદ્ધતિ અપનાવવાની જરૂર શી છે? જો બધા ધર્મો સમાન હોય તો બીજા ધર્મોમાં જવાની જરૂર શું છે? પણ લોકો પોતાનો ધર્મ છોડી અન્ય ધર્મમાં જોડાય છે. આમા સ્વેચ્છાએ ધર્મ છોડવાવાળાઓની સંખ્યા અલ્પ છે, પરંતુ લોભ, મોહ, ભય તથા લાલચથી ધર્મ પરિવર્તન કરવાવાળાની સંખ્યા ઘણી છે. ભારતમાં ગરીબ લોકોની મજબૂરીનો ફાયદો ઉઠાવી બળજબરીથી ધર્માંતર કરાવવામાં આવે છે.

આ કાર્યમાં જોડાયેલા લોકોને કડકમાં કડક સજા થવી જોઈએ. ધર્માંતર કરાવનારા સમાજ અને માનવતાના શત્રુ છે.

**સર્વધર્મ સમભાવ એ ભાજપાની પંચનિષ્ઠામાંની એક નિષ્ઠા છે**

ભારતીય જનતા પાર્ટી અને તેની પુરોગામી જનસંઘ, અન્ય રાજકીય દળોથી પોતાની અલગ ઓળખ ધરાવે છે. આ ઓળખ તેની 'પંચનિષ્ઠા'માં સમાયેલી છે. ભાજપાના કાર્યની પ્રેરણા, પાર્ટીના સંવિધાનમાં સમાવાયેલી પાંચ નિષ્ઠાઓ છે. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ, લોકતંત્ર, એકાત્મ માનવદર્શન, મૂલ્ય આધારિત રાજનીતિ અને સકારાત્મક પંથનિરપેક્ષતા એટલે કે સર્વધર્મ સમભાવ.

ભારતીય જનતા પાર્ટી જે સકારાત્મક પંથનિરપેક્ષતામાં નિષ્ઠા રાખે છે, એમાં પંથીય રાજતંત્ર માટે કોઈ સ્થાન નથી. ભાજપાની સર્વધર્મ સમભાવની કલ્પનાનો અર્થ છે દરેક ધર્મોનો આદર, દરેકને ન્યાય, પણ તુષ્ટીકરણ કોઈનું નહિ. ભાજપાની આ માન્યતા ભારતની પ્રાચીન પરંપરા પર આધારિત છે.

ગુજરાત ભાજપા સરકારે ૨૦૦૩માં જ ધર્માંતર સંબંધી એક કાયદો પસાર કર્યો. આ કાયદાને ગુજરાત ફ્રીડમ ઑફ રિલિજિયન (૨૦૦૩) નામ આપવામાં આવ્યું. શ્રી નરેન્દ્રભાઈ મોદી તે સમયે ગુજરાત રાજયના મુખ્યમંત્રી પદે બિરાજમાન હતા. આ કાયદા મુજબ દબાણપૂર્વક ધર્માંતર કરવા કે કરાવવા પર પ્રતિબંધ છે. ઉલ્લંઘન કરનારને ૫૦,૦૦૦ સુધીનો દંડ અને ત્રણ વર્ષની સજા થઈ શકે છે. ધર્માંતર કરવું હોય તો જિલ્લા મેજિસ્ટ્રેટની પરવાનગી લેવી પડે છે.


ડો. એ. પી. જોશી, ડૉ. એમ. ડી. શ્રીનિવાસ અને ડૉ. જે. કે. બજાજ નામના ત્રણ વિદ્વાનોએ 'રિલિજિયસ ડેમોગ્રાફી ઈન ઈન્ડિયા' નામનો દળદાર અભ્યાસગ્રંથ તૈયાર કર્યો છે. અહીં માત્ર તેમણે રજૂ કરેલા થોડાક આંકડાઓ જ જોઈએ.

૧૯૦૧માં આસામનાં મેદાનોમાં માત્ર ૦.૪ ટકા અને મેઘાલયમાં ૬ ટકા ખ્રિસ્તીઓ હતા જ્યારે અરૂણાચલ, ત્રિપુરા, મણિપુર, નાગાલેન્ડ અને મિઝોરમમાં ભાગ્યે જ કોઈ ખ્રિસ્તી હતા. આજે આસામમાં ૩.૩ ટકા, મેઘાલયમાં ૬૪.૬ ટકા, નાગાલેન્ડમાં ૮૭.૫ ટકા, મણિપુરમાં ૩૪.૧ ટકા ખ્રિસ્તીઓ છે.

ઈ.સ. ૧૮૮૧માં બ્રહ્મપુત્રા નદીના ખીણવિસ્તારમાં મુસ્લિમોની વસ્તી માંડ નવ ટકા જેટલી હતી. ૧૯૪૧માં તે વધીને ૨૩ ટકા પર પહોંચી. આજે પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે, આસામના અનેક જિલ્લાઓમાં મુસ્લિમોની બહુમતી થઈ ગઈ છે.

**વિકાસને ભરખી જતો વસતીવધારો**

આઝાદી બાદ છ - છ દસક સુધી કેન્દ્રમાં કૉંગ્રેસે શાસન કર્યું, પણ



કૉંગ્રેસે કદી રાષ્ટ્રની સદીઓથી સળગતી સમસ્યા પ્રત્યે ધ્યાન ન આપ્યું. પછી એ સમસ્યા કાશ્મીરની હોય, રામમંદિરની હોય, ત્રિપલ તલ્લાકની હોય, એન.આર.સી.ની હોય કે કલમ ૩૭૦ની હોય - કેન્દ્રમાં જયારથી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપા સરકાર આવી છે, ત્યારથી રાષ્ટ્રની વર્ષો જૂની સમસ્યાઓ ઉકેલવાની દિશામાં આગળ વધી રહી છે.

દેશના વિકાસને ભરખી જતા વસતીવધારાને નાથવા ભાજપા સરકારે કમ્મર કસી છે. વસતીના મામલે આખા દેશમાં પ્રથમ સ્થાન ધરાવતા ઉત્તર પ્રદેશની ભાજપા સરકારના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે દસ વર્ષ માટે વસતી નિયંત્રણ નીતિની જાહેરાત કરી છે. જે પછી આખા દેશમાં વસતી વધારાનો મુદ્દો ચર્ચામાં છે. ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પણ જણાવ્યું છે કે ગુજરાત સરકાર પણ આ અંગે વિચારણા કરશે.

ભારતમાં વસતીની અસમાનતા પણ ઊડીને આંખે વળગે તેવી છે. હિન્દુઓ સિવાયની અન્ય કોમોની વસતી કૂદકે ને ભૂસકે વધી રહી છે. થોડાક જ આંકડાઓ પર નજર કરીએ તો તે આંકડા ચોંકાવનારા છે.

અંગ્રેજોએ ૧૮૬૨માં મુસ્લિમો માટે પીનલ કોડ બનાવ્યો અને ૧૯૩૭માં શરિયત આધારિત મુસ્લિમ પર્સનલ લો બનાવ્યો અને તેની દેખરેખ માટે મુસ્લિમ પર્સનલ લો બોર્ડ બનાવ્યું.

આઝાદી બાદ જવાહરલાલ નહેરુએ હિન્દુઓના વિરોધ વચ્ચે હિન્દુ કોડ બીલ બનાવી દીધું અને સૌને અપેક્ષા હતી કે મુસ્લિમો પણ સમાન સિવિલ કોડ માટે તૈયાર થશે, પરંતુ આવું થઈ શકયું નહીં, કારણ કે નહેરુની કટ્ટરવાદી મુસ્લિમ પરિબળો સામે ઝીંક ઝીલવાની તાકાત હતી નહીં અને વોટ બેંકની રાજનીતિ પણ આડે આવતી હતી.

કોમન સિવિલ કોડ એટલે કે સમાન નાગરિક સંહિતા એટલે એવો કાયદો જે ધર્મનિરપેક્ષ હોય અને તમામ ધર્મના લોકો પર એક સમાન રીતે લાગુ થાય.

**એક રાષ્ટ્ર, સમાન રાષ્ટ્ર, સમર્થ રાષ્ટ્ર માટે કોમન સિવિલ કોડ જરૂરી**

તાજેતરમાં દિલ્હી હાઈકોર્ટની ટકોર બાદ ફરી એક વખત કોમન સિવિલ કોડ ચર્ચામાં આવી ગયો છે. આમ તો આઝાદી બાદ તુરત જ આ પ્રશ્ન હલ કરવાની જરૂર હતી પણ કૉંગ્રેસે મુસ્લિમ મતોના તુષ્ટીકરણ માટે આંખ આડા કાન કર્યા. શાહબાનો કેસ આનો મોટો પુરાવો છે. કૉંગ્રેસ વડાપ્રધાન રાજીવ ગાંધીએ કોર્ટના ચુકાદાને માત્ર મુસ્લિમ તુષ્ટીકરણ કરવા માટે બંધારણીય સુધારો કરી મુસ્લિમ મહિલાઓના ભરણપોષણ મેળવવાના હકકને છીનવી લીધો.

દેશમાં પંથ, જાતિ, રંગ કે પ્રદેશના કોઈપણ પ્રકારના ભેદભાવ વગર પ્રજા પ્રત્યે એક સમાન રીતે કાયદાકીય કાર્યવાહી ચાલે તેવી કાનૂન વ્યવસ્થાને કૉમન સિવિલ કોડ કહે છે.

કૉમન સિવિલ કોડમાં તલ્લાક, નિકાહ, વારસાઈ, ભરણપોષણ પણ કુટુંબ નિયોજન, ગર્ભપાત, અંગદાન, બહુપત્નીત્વ, લગ્નની ઉંમર જેવા મુદ્દાઓનો સમાવેશ થાયછે.

ભારતમાં ૧૫ જેટલી માઈનોરિટી છે પણ જયારે આપણે કોમન સિવિલ કોડની વાત કરીએ ત્યારે માત્ર ને માત્ર મુસ્લિમ સમાજ જ આપણી સામે દેખાય છે. વાસ્તવમાં શીખ, ખ્રિસ્તી, પારસી, યહૂદી તથા અન્ય જનજાતિઓના પર્સનલ લો પણ છે, પરંતુ આ બધા લોકો સમયની સાથે પરિવર્તન માટે હંમેશા સહમત થતા આવ્યા છે. માત્ર કેટલાક મુસ્લિમો જ ઝનૂનપૂર્વક પર્સનલ લૉ ને વળગી રહ્યા છે.

**ગુજરાત ભાજપા સરકારે ધર્માંતર સંબંધી કાયદો કર્યો**

ગુજરાત ભાજપા સરકારે ૨૦૦૩માં જ ધર્માંતર સંબંધી એક કાયદો પસાર કર્યો. આ કાયદાને ગુજરાત ફ્રીડમ ઓફ રિલિજિયન (૨૦૦૩) નામ આપવામાં આવ્યું. શ્રી નરેન્દ્રભાઈ મોદી તે સમયે ગુજરાત રાજયના મુખ્યમંત્રી પદે બિરાજમાન હતા. આ કાયદા મુજબ દબાણપૂર્વક ધર્માંતર કરવા કે કરાવવા પર પ્રતિબંધ છે. ઉલ્લંઘન કરનારને ૫૦,૦૦૦ સુધીનો દંડ અને ત્રણ વર્ષની સજા થઈ શકે છે.

●



**સ્વામિનારાયણ સંપ્રદાયના પૂજ્ય સંતશ્રી ગુરુહરિ પ. પૂ. હરિપ્રસાદ સ્વામીજી મહારાજ(સોખડા) બ્રહ્મલીન થયા**



# ભારત અને વિદેશમાં લોકોના હૃદયમાં ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મના પ્રસાર માટે પૂજ્ય શ્રી હરિપ્રસાદ સ્વામીજીએ જગાવેલ આહલેક સદાય ચિરસ્મરણીય રહેશે - શ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે સ્વામિનારાયણ હરિધામ સોખડાના સંસ્થાપક પૂજ્ય શ્રી હરિપ્રસાદ સ્વામીજીના થયેલ નિધન અંગે શોકની લાગણી વ્યક્ત કરી હતી.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે સ્વામિનારાયણ સંપ્રદાયના હરિધામ સોખડાની સ્થાપના કરવાની સાથે પૂજ્ય શ્રી હરિપ્રસાદ સ્વામીજીએ યોગી ડિવાઈન સોસાયટીના માધ્યમથી સમગ્ર દેશ અને ગુજરાતમાં ધર્મ જાગૃતિ, સંસ્કારસિંચન, વ્યસનમુક્તિ અને કેળવણીની આહલેક જગાવી હતી. વિશ્વવંદનીય સંત શ્રી યોગીજી મહારાજના તેઓ શિષ્ય રહ્યા અને તેઓની દર્શનશક્તિ તેમજ લોકકલ્યાણના ધ્યેયને તેમણે સુપેરે આગળ ધપાવ્યાં. તેઓએ કહ્યું હતું કે ગુજરાતમાં વિદ્યાર્થીઓના મૂલ્યશિક્ષણ અને કેળવણી ક્ષેત્રે હરિપ્રસાદ સ્વામીજી પ્રેરિત આત્મીય સંસ્થાનોનો અમૂલ્ય ફાળો રહ્યો છે. પૂજ્ય શ્રી હરિપ્રસાદ સ્વામીજીએ ૫૬ વર્ષો સુધી શ્રી હરિની ભક્તિ કરવાની સાથે સાથે સમાજના ઉત્કર્ષ અને નાગરિકોના ઘડતરમાં આપેલ યોગદાન હંમેશા લોકોના માનસપટ પર અંકિત રહેશે.

શ્રી શાહે કહ્યું હતું કે શ્રી હરિપ્રસાદ સ્વામી વડોદરા જિલ્લાના આસોદર ગામે જન્મ્યા અને બાળપણથી જ તેઓને સંતો, મહાત્માઓ અને આદિ ગુરુ શંકરાચાર્યજીનું સાંનિધ્ય મળ્યું. અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીએ તેઓને સંત તરીકે સાધુ હરિપ્રસાદ સ્વામી નામ આપ્યું. તેઓએ યુવાનોને ધર્મ, સંસ્કૃતિ અને આત્મીયતાનો મર્મ સમજાવ્યો. આ ઉપરાંત સમાજમાં સંવાદિતા, ભાઈચારો અને એકતાને પ્રોત્સાહન મળે તે માટે ભગીરથ પ્રયાસો કર્યા. શ્રી શાહે ઉમેર્યું હતું કે ધર્મના ઉમદા આદર્શોને ભૌતિક અસ્તિત્વથી આધ્યાત્મિક અનુભવ સુધી પહોંચાડી, સમાજમાં નૈતિકતાના આરોપણ માટે અને યુવાનોને વ્યસનમુક્તિ માંસાહાર, જુગાર અને ચોરી જેવાં દૂષણોથી દૂર રાખવા નિરંતર યજ્ઞ આદર્યો હતો.

શ્રી શાહે કહ્યું હતું કે સુમેળભર્યા સમુદાયના નિર્માણ અર્થે વ્યક્તિગત અને સાંપ્રદાયિક મતભેદ મિટાવી લોકો પરસ્પર સ્વીકૃતિ અને સહકારથી કાર્ય કરે તે માટે પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીએ સીમાચિહ્નો પ્રસ્થાપિત કર્યા. ભારત અને વિદેશમાં લોકોના હૃદયમાં ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મના પ્રસાર માટે પૂજ્ય શ્રી હરિપ્રસાદ સ્વામીજીએ જગાવેલ આહલેક સદાય ચિરસ્મરણીય રહેશે.


શ્રી શાહે ભાવાંજલિ પાઠવતાં કહ્યું હતું કે તેઓનું જીવન હંમેશા આપણને પ્રેરણા આપતું રહેશે. પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીને શ્રી હરિના ચરણોમાં સ્થાન મળે અને તેમના લાખો અનુયાયીઓ, હરિભક્તોને આ આઘાત સહન કરવાની પ્રભુ શક્તિ આપે એ જ અભ્યર્થના.

**પરમકૃપાળુ ઈશ્વર એમના દિવંગત આત્માને શાંતિ અર્પે અને તેમના અનુયાયીઓ, સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને ભક્તોને આ આઘાત સહન કરવાની શક્તિ અર્પે**
**- શ્રી સી. આર. પાટીલ**

સ્વામિનારાયણ સંપ્રદાયના પૂજ્ય સંતશ્રી ગુરુહરિ પ. પૂ. હરિપ્રસાદ સ્વામીજી મહારાજ(સોખડા) બ્રહ્મલીન થયા છે. તેમના દુઃખદ નિધન પર પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે શૉક વ્યક્ત કર્યો તેમજ પરમકૃપાળુ ઈશ્વર એમના દિવંગત આત્માને શાંતિ અર્પે અને તેમના અનુયાયીઓ, સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને ભક્તોને આ આઘાત સહન કરવાની શક્તિ અર્પે એવી પ્રાર્થના કરી હતી.

શ્રી પાટીલે જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિને યુવાઓમાં જીવંત રાખનાર સંતશ્રી ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી મહારાજ (સોખડા)ના બ્રહ્મલીન થવાના સમાચારથી ખૂબ જ દુઃખ અનુભવું છું. આધ્યાત્મિક જગતને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. પૂજ્ય સ્વામીજીના પ્રજાકીય અને લોકોને સંસ્કારિત આત્મીય બનાવવાનાં કાર્યોની સુવાસ સર્વે હરિભક્તોને હંમેશા જીવનની નવી રાહ ચીંધશે. ભગવાન સ્વામિનારાયણ સર્વે હરિભક્તોને આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ આપે. પૂજ્ય સ્વામીજીને નતમસ્તક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

●




## પ્રદેશ વિભાગના સંયોજકશ્રીઓ

| વિભાગનું નામ | સંયોજકશ્રીનું નામ |
|---|---|
| નીતિ વિષયક સંશોધન વિભાગ **(Department for Policy Research)** | શ્રી રમણભાઈ વોરા (સાબરકાંઠા) |
| | શ્રી દિનેશભાઈ ચોક્સી (વડોદરા) |
| | શ્રી કમલેશભાઈ જોષીપુરા (રાજકોટ જિ.) |
| | શ્રી મોતીભાઈ વસાવા (નર્મદા) |
| રાષ્ટ્રીય પ્રશિક્ષણ અભિયાન વિભાગ **(Department for Rashtriya Prashikshan Abhiyan)** | શ્રી કે.સી.પટેલ (પાટણ) |
| | શ્રી રાજેશભાઈ પટેલ (આણંદ) |
| | શ્રી પ્રદિપભાઈ ખીમાણી (જુનાગઢ) |
| | શ્રી પ્રકાશચંદ્ર ચૌધરી (સુરત) |
| | શ્રી જાનકીબેન આચાર્ય (કર્ણાવતી) |
| રાજકીય પ્રતિસાદ અને પ્રતિક્રિયા વિભાગ **(Department for Political Feedback)** | શ્રી શંકરભાઈ ચૌધરી (બનાસકાંઠા) |
| | શ્રી રમેશભાઈ રૂપાપરા (રાજકોટ) |
| | શ્રી અજયભાઈ ચોક્સી (સુરત શહેર) |
| | ડૉ. શ્રી ઋત્વીજભાઈ પટેલ (કર્ણાવતી) |
| | શ્રી રાકેશભાઈ રાવ (ખેડા) |
| સુશાસન તેમજ કેન્દ્ર-રાજ્ય સરકારી કાર્યક્રમ સંકલન વિભાગ **(Department for Good Governance and Centre - State Coordination)** | ડૉ. અનિલભાઈ પટેલ (કર્ણાવતી) |
| | શ્રી ભરતભાઈ શાહ (પૂર્વ મેયર) (વડોદરા શહેર) |
| | શ્રી પંકજભાઈ મહેતા (કચ્છ) |
| | શ્રી રમિલાબેન દેસાઈ (મહેસાણા) |
| રાષ્ટ્રીય મહાસંપર્ક અભિયાન વિભાગ **(Department for Rashtriya Mahasampark Abhiyan)** | શ્રી જીવરાજભાઈ ચૌહાણ (વડોદરા શહેર) |
| | શ્રી હિરેનભાઈ ગોર (હિંમતનગર) |
| | શ્રી પ્રદિપભાઈ વાળા (મોરબી) |
| | શ્રી પ્રકાશભાઈ મોદી (ભરૂચ) |
| | શ્રી અતુલભાઈ પટેલ (ગાંધીનગર) |
| ચૂંટણી કમિશન (પંચ) સંપર્ક વિભાગ **(Department for Coordination with Election Commission)** | શ્રી પરિન્દુભાઈ (કાકુભાઈ) ભગત (કર્ણાવતી) |
| | શ્રી સૂર્યકાન્તભાઈ ત્રિવેદી (કલોલ) (ગાંધીનગર જિ.) |
| | શ્રી દુષ્યંતભાઈ પટેલ (વિજાપુર) (મહેસાણા) |
| મીડિયા સંપર્ક વિભાગ **(Department for Media Relations)** | શ્રી આઈ.કે.જાડેજા (સુરેન્દ્રનગર) |
| | ડૉ. શ્રી હેમંતભાઈ ભટ્ટ (કર્ણાવતી) |
| | શ્રી મેહુલભાઈ ઝવેરી (વડોદરા) |



| | |
|---|---|
| સાહિત્ય પ્રકાશન વિભાગ **(Department for Development of Publicity Meterials and Literature)** | શ્રી અતુલભાઈ ભાવસાર (કર્ણાવતી) |
| | શ્રી પ્રવિણભાઈ માંકડીયા (રાજકોટ જિ.) |
| | શ્રી તન્મય પટેલ (હિંમતનગર) (સાબરકાંઠા) |
| ચૂંટણી પ્રબંધન વિભાગ **(Department for Election Management)** | શ્રી વિશાલભાઈ પટેલ (કર્ણાવતી) |
| | શ્રી નરેશભાઈ બારોટ (મહેસાણા) |
| | શ્રી અપૂર્વભાઈ પટેલ (ખેડા) |
| કાનૂની અને કાયદાકીય વિષય વિભાગ **(Department for Law and Legal Affairs)** | શ્રી ચિત્રજીતભાઈ ઉપાધ્યાય (કર્ણાવતી) |
| | શ્રી દિપકભાઈ ઠક્કર (વડોદરા) |
| | શ્રી સોનલબેન જોષી (એડવોકેટ) (કર્ણાવતી) |
| | શ્રી પ્રિતેશભાઈ શાહ (કર્ણાવતી) |
| કાર્યક્રમ અને બેઠક વિભાગ **(Department for Political Programmes and Meetings)** | શ્રી રિતેશભાઈ શાહ (કર્ણાવતી) |
| | શ્રી નરેશભાઈ ચાવડા (કર્ણાવતી) |
| | શ્રી પિન્કલભાઈ ભાટીયા (આણંદ) |
| | શ્રી ગૌરવભાઈ રૂપારેલીયા (જુનાગઢ) |
| રાષ્ટ્રીય સદસ્યતા અભિયાન વિભાગ **(Department for Rashtriya Sadasyata Abhiyan)** | શ્રી રાજુભાઈ પટેલ (માસ્તર) (કર્ણાવતી) |
| | શ્રી અશોકભાઈ પંડયા (વડોદરા) |
| | શ્રી અમીબેન પરીખ (જામનગર) |
| | શ્રી હર્ષદભાઈ કટારીયા (વલસાડ) |
| | શ્રી અમરભાઈ આચાર્ય (ભાવનગર) |
| આજીવન સહયોગ નિધિ વિભાગ **(Department for Ajeevan Sahyog Nidhi)** | શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ (વડોદરા શહેર) |
| | શ્રી અશોકભાઈ ચૌધરી (મહેસાણા) |
| | શ્રી કપિલભાઈ કોટેચા (પોરબંદર) |
| | શ્રી લલિતભાઈ ગુગલીયા (વલસાડ) |
| બેટી બચાઓ-બેટી બઢાઓ (વધાવો) વિભાગ **(Department for Beti Bachao, Beti Padhao)** | શ્રી અસ્મિતાબેન શિરોયા (સુરત શહેર) |
| | શ્રી કલ્પનાબેન પટેલ (વડોદરા) |
| | શ્રી અમિતભાઈ ચૌધરી (ગાંધીનગર જિ.) |
| | ડૉ. શ્રી ધારાબેન ત્રિવેદી (રાણપુર) |
| | શ્રી યોગેન્દ્રસિંહ ગોહિલ (અમદાવાદ જિ.) |
| નમામિ ગંગે વિભાગ **(Department for Namami Gange)** | શ્રી સંજયભાઈ કોરડીયા (જુનાગઢ) |
| | ડૉ. શ્રી સુખાજી ઠાકોર (મહેસાણા) |
| | શ્રી ભારતીબેન તડવી (રાજપીપળા) (નર્મદા) |
| | શ્રી ઈન્દ્રજીતસિંહ ચુડાસમા (વડોદરા) |



| | |
|---|---|
| સ્વચ્છ ભારત અભિયાન વિભાગ (Department for Swachh Bharat Abhiyan) | શ્રી સુરેશભાઈ ધાંધલીયા (ભાવનગર) |
| | શ્રી લઘધીરસિંહ ઝાલા (વડોદરા) |
| | શ્રી સ્નેહલભાઈ પટેલ (પાટણ) |
| | શ્રી ગૌરાંગભાઈ પટેલ (ભરૂચ) |
| | શ્રી દર્શનાબેન પુજારા (ધ્રાંગધ્રા) (સુરેન્દ્રનગર) |
| વિદેશ સંપર્ક વિભાગ (Department for International Relations) | શ્રી દિગંતભાઈ સોમપુરા (અમદાવાદ) |
| | શ્રી અજીતભાઈ પટેલ (વડોદરા) |
| | શ્રી સુરેશભાઈ વઘાસીયા (સુરત) |
| | શ્રી મનીષભાઈ કાપડીયા (સુરત શહેર) |
| ગ્રંથાલય, ઈ-ગ્રંથાલય નિર્માણ વિભાગ (Department for Library, E-Library, Reading Room) | શ્રી ધવલબેન ભટ્ટ (વડોદરા) |
| | શ્રી મનિષ સાબલપરા (કર્ણાવતી) |
| | શ્રી વિજયભાઈ થાનકી (પોરબંદર) |
| દસ્તાવેજીકરણ વિભાગ (Department for Documentation Department) | શ્રી ભરતભાઈ રામવાણી (કચ્છ) |
| | શ્રી કવનભાઈ મહેતા (કર્ણાવતી) |
| | શ્રી વિજયભાઈ વનરા (વડોદરા) |
| | શ્રી પ્રવિણભાઈ માળી (બનાસકાંઠા) |
| કાર્યાલય આધુનિકીકરણ વિભાગ (Department for Office Modernisation / Maintenance) | શ્રી એચ. એમ. પટેલ (ગાંધીનગર) |
| | શ્રી સ્મિતલ પંડિત (કર્ણાવતી) |
| | શ્રી ચિરાગભાઈ પટેલ (અરવલ્લી) |
| જિલ્લા કાર્યાલય નિર્માણ વિભાગ (Department for District Office Construction) | શ્રી હિંમતભાઈ પડશાળા (ગીર સોમનાથ) |
| | શ્રી આશિષભાઈ દવે (ગાંધીનગર) |
| | શ્રી કિરીટભાઈ સોમપુરા (કચ્છ) |
| | શ્રી લલિત રાજ (વડોદરા) |
| | શ્રી રજનીભાઈ બ્રહ્મભટ્ટ (કર્ણાવતી) |
| પાર્ટી પત્રિકા (મેગેઝીન) પ્રકાશન વિભાગ (Department for Party Journals and Publications) | શ્રી નિમેષભાઈ જોષી (કર્ણાવતી) |
| | શ્રી શંકરલાલ ત્રિવેદી (વડોદરા) |
| ટ્રસ્ટ સંકલન વિભાગ (Department for Coordination of Trusts) | શ્રી હસમુખભાઈ હિંડોચા (જામનગર શહેર) |
| | શ્રી કાલ્પનિકભાઈ ચૌક્સી (કર્ણાવતી) |
| સહયોગ, આપત્તિ રાહત અને સેવાઓ વિભાગ (Department for Disaster Relief and Assistance) | શ્રી હિતેશભાઈ ખંડોર (કચ્છ) |
| | શ્રી સમીરભાઈ બોઘરા (સુરત) |
| | શ્રી કેતનભાઈ બ્રહ્મભટ્ટ (વડોદરા) |
| | શ્રી જ્યોતિબેન વાછાણી (જુનાગઢ) |



## પ્રદેશ મીડિયા વિભાગના પ્રદેશ સદસ્યશ્રીઓ

| ક્રમ | પ્રદેશ સદસ્યશ્રીનું નામ |
|---|---|
| ૧. | શ્રી હિતેન્દ્રભાઈ પટેલ (ગાંધીનગર જિ.) |
| ૨. | શ્રી જયંતિલાલ પરમાર (કર્ણાવતી) |
| ૩. | શ્રી કિશનસિંહ સોલંકી (કર્ણાવતી) |
| ૪. | શ્રી સંજીવભાઈ પંચોલી (વડોદરા) |
| ૫. | ડૉ. સંજયભાઈ પંચોલી (સુરત) |
| ૬. | શ્રી કાર્તિકભાઈ પટેલ (ગાંધીનગર શહેર) |
| ૭. | શ્રી હિરેનભાઈ જોષી (રાજકોટ જિ.) |
| ૮. | શ્રી શૈલેષભાઈ પરમાર (અમરેલી) |
| ૯. | શ્રી નિલેશભાઈ સોલંકી (કર્ણાવતી) |
| ૧૦. | શ્રી જયેશભાઈ દરજી (પાટણ) |
| ૧૧. | શ્રી સંજયભાઈ રાવલ (કર્ણાવતી) |

| ક્રમ | પ્રદેશ સદસ્યશ્રીનું નામ |
|---|---|
| ૧૨. | શ્રી મુકેશભાઈ બુંદેલા (રાજકોટ) |
| ૧૩. | શ્રી સુરેશભાઈ પરમાર (રાજકોટ) |
| ૧૪. | શ્રી પ્રેમભાઈ કોકડીયા (ભાવનગર) |
| ૧૫. | શ્રી વિપુલભાઈ ઠાકોર (મહીસાગર) |
| ૧૬. | શ્રી ભાવેશભાઈ ત્રિવેદી (સુરત) |
| ૧૭. | શ્રી તેજશભાઈ સુરેશભાઈ વસી (સુરત જિ.) |
| ૧૮. | શ્રી સ્નેહલભાઈ જોષી (કર્ણાવતી) |
| | |
| ૧૯. | શ્રી પાર્થ રાવલ (કર્ણાવતી) : (કાર્યાલય મંત્રી) |

## પ્રદેશ સહકારિતા સેલના પ્રદેશ સદસ્યશ્રીઓ

| ક્રમ | નામ | જવાબદારી | જીલ્લો |
|---|---|---|---|
| ૧. | શ્રી જયંતિભાઈ (અરવિંદભાઈ) યુ. પટેલ | ચેરમેન, ડિસ્ટ્રીક્ટ બેંક, વલસાડ<br>ચેરમેન, વલસાડ સુગર, વલસાડ | વલસાડ |
| ૨. | શ્રી હરદેવસિંહ પરમાર | ચેરમેન, સુરેન્દ્રનગર ડિસ્ટ્રીક્ટ બેંક | સુરેન્દ્રનગર |
| ૩. | શ્રી તેજશભાઈ પટેલ | ડિરેક્ટર, ડિસ્ટ્રીક્ટ કો.ઓ.બેંક, આણંદ<br>ડિરેક્ટર, અમૂલ ડેરી | આણંદ |
| ૪. | શ્રી રાકેશભાઈ ઠાકોરભાઈ પટેલ | ચેરમેન, સાયણ સુગર | સુરત જિ. |
| ૫. | શ્રી કુરજીભાઈ એન. ભાલાળા | ચેરમેન, એપીએમસી, ગોંડલ | રાજકોટ જિ. |
| ૬. | શ્રી જેસીંગભાઈ ચાવડા | ડિરેક્ટર, ગુજકોમાસોલ | સુરેન્દ્રનગર |
| ૭. | શ્રી અશ્વિનભાઈ સાવલીયા | ચેરમેન, અમરેલી ડેરી | અમરેલી |
| ૮. | શ્રી વિનોદભાઈ પટેલ | ડિરેક્ટર, એપીએમસી | બનાસકાંઠા |
| ૯. | શ્રી જશુભાઈ જગુભાઈ પટેલ | ચેરમેન, એપીએમસી, ખેડબ્રહ્મા | સાબરકાંઠા |

# આઝાદીનાં ૭૫ વર્ષ - 'અમૃત-મહોત્સવ'



## ખુદીરામ બોઝ

**જન્મ : ૩-૧૨-૧૮૮૯ • અવસાન : ૧૧-૦૮-૧૯૦૮**

માત્ર અઢાર વર્ષની ઉંમરે ફાંસીએ ચડનારા કિશોર ક્રાંતિકારી ખુદીરામ બોઝ બંગાળના મિદનાપુર જિલ્લાના મોહબાની ગામના વતની હતા. નાનપણથી જ માબાપનું છત્ર ગુમાવેલું. થોડો સમય બહેન-બનેવી ભેગા રહ્યા. બહેનનાં સાસરિયાંને તે ગમતું ન હોવાથી શિક્ષક સત્યેનબાબુએ તેમને સંભાળ્યા. ભણવામાં બહુ રસ ન પડ્યો. નવ ભણીને અટકી ગયા. આ અરસામાં 'બંગભંગ'ના આંદોલને જોર પકડ્યું. ખુદીરામ પણ તેમાં કૂદી પડ્યા. લાઠીઓ ખાધી. સત્યેનબાબુના પુસ્તક 'સોનાર બાંગલા'નું વિતરણ કરીને જેલમાં ગયા. એક મહિનાની સજા ભોગવીને છૂટ્યા. વારીન્દ્રનાથ ઘોષના સંપર્કમાં આવતાં 'અનુશીલન સમિતિ'ના સભ્ય બન્યા. એ વખતે બંગાળમાં કિંગ્સફોર્ડ નામનો કટ્ટર સામ્રાજ્યવાદી ન્યાયાધીશ હતો. ક્રાંતિકારીઓને કઠોરમાં કઠોર સજા કરવા માટે તે પંકાયેલો હતો. ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચાકીએ તેને ખતમ કરવાનું બીડું ઝડપ્યું. કિંગ્સફોર્ડ રોજ સાંજે બગીમાં બેસીને ક્લબમાં પત્તાં રમવા જતો. બન્ને ક્રાંતિકારીઓએ જ્યારે એ ક્લબમાંથી પાછો ફરતો હોય ત્યારે એના પર બોમ્બ ફેંકવાનું નક્કી કર્યું. ૩૦ એપ્રિલ, ૧૯૦૮ના રાતના સાડ આઠ વાગ્યાનો સમય. કિંગ્સફોર્ડ ક્લબમાંથી પત્તાં રમીને ઊઠ્યો. એની સાથે પત્તાં રમનારી અંગ્રેજ વકીલની પત્ની કેનેડી અને તેની દીકરી પણ ઊઠ્યાં. કિંગ્સ ફોર્ડ અને આ મા-દીકરી પોતપોતાની બગીમાં બેઠાં. બન્ને બગીનો રંગ સરખો હતો. કેનેડી બેઠી હતી એ બગી આગળ હતી. આ બગી જેવી કિંગ્સ ફોર્ડના બંગલા પાસે આવી કે બન્ને ક્રાંતિકારીઓએ માન્યું કે પોતાનો શિકાર આવી ગયો છે. ખુદીરામે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તેના પર બોમ્બ ફેંક્યો. બગીના ખુડદા બોલી ગયા. વિસ્ફોટથી આખું શહેર ધ્રૂજી ઊઠ્યું. કિંગ્સફોર્ડને ઠાર કર્યાનો આનંદ અનુભવતા બન્ને ક્રાંતિકારીઓ ત્યાંથી નાઠા. થોડે સુધી તેઓ સાથે રહ્યા. પછી જુદા પડી ગયા. ખુદીરામ એક રાતમાં પચીસ માઈલ ચાલીને બેનીવાવ પહોંચી ગયા. આખી રાતનું કાંઈ ખાધું નહોતું એટલે એક લારીએ ચા પીવા ગયા. ત્યાં બે સિપાઈ બેઠા હતા. તેમાંથી એકે છાપામાં નજર ફેરવતાં બીજાને કહ્યું : 'કાલે કોઈએ મિસિસ કેનેડીની બગીમાં બોમ્બ ફેંકી તેની હત્યા કરી નાખી છે.' આ સાંભળી ખુદીરામના મોંમાંથી અચાનક શબ્દો સરી પડ્યા : 'તો કિંગ્સફોર્ડ બચી ગયો છે ?' ખુદીરામના મોં પરના હાવભાવ પરથી સિપાઈને તરત શંકા પડી. એ જ ક્ષણે તેની ધરપકડ કરી જેલમાં ધકેલી દેવામાં આવ્યો. ૮ જૂન, ૧૯૦૮ના રોજ મુકદ્દમો ચલાવવામાં આવ્યો. પાંચ દિવસમાં તો તેનો ફેંસલો પણ આવી ગયો. ફાંસીની સજા ! આવડા છોકરાને ફાંસીની સજા કઈ રીતે થઈ શકે ? કેટલાય દેશભક્તોએ કોર્ટમાં અપીલ કરી. પરંતુ ચુકાદામાં કોઈ ફેરફાર કરવામાં ન આવ્યો. 'વંદેમાતરમ્'ના જયઘોષ સાથે ખુદીરામ ફાંસીના માંચડે ચડી ગયો.

REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

# શાસન દાયિત્વનાં પાંચ વર્ષ પૂર્ણ થવાની આ કોઈ ઉજવણી નથી પરંતુ જનસેવા કામોના યજ્ઞને જન જન સુધી ઉજાગર કરવાનું આપણું આ અનુષ્ઠાન

















**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.